ASTHA Academy
Mo. : 8980961441

# પ્રસ્તાવના

**નમસ્કાર મિત્રો,**

અગાઉ ચાર વર્તમાન પ્રવાહોના માસિકની સફળતા બાદ પાંચમો અંક પ્રસિદ્ધ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

તાજેતરમાં જ્યારે ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં મોટી સંખ્યામાં ભરતી થનાર છે, ત્યારે આપને આગામી પરીક્ષાઓમાં ઉપયોગી વર્તમાન પ્રવાહો સંકલિત સ્વરૂપે રજૂ કરવાનો આ પ્રયાસ છે. જ્યાં જરૂરી જણાયુ છે ત્યાં માહિતીના ઊંડાણમાં જવાનો પ્રયાસ કર્યો છે અને જ્યાં વિગતવાર માહિતીની જરૂર નથી ત્યાં બિનજરૂરી લખાણ ટાળવાનો પ્રયાસ કર્યો છે. આપના દ્વારા મોકલવામાં આવેલ સૂચનોનો પણ આ અંકમાં અમલ કરેલ છે. તેમ છતાં જો હજુ વધુ ઉપયોગી સામગ્રી તૈયાર કરવામાં આપ સહાયરૂપ થવા ઈચ્છતા હોવ તો આપ આપનાં સૂચનો current663.wordpress.com પર મોકલી શકો છો.

આપ વધુ ઉજ્જવળ કારકીર્દી તરફ આગળ વધો એવી શુભેચ્છા સહ...

**ડાયરેક્ટર**

**આસ્થા એકેડમી**

**ગાંધીનગર**

ASTHA ACADEMY Mo.: 8980961444

# અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| (૧) | પ્રમુખ સ્વામી મહારાજનો અક્ષરવાસ | ૪ |
| (૨) | ગુજરાત | ૫ |
| (૩) | ભારત | ૮ |
| (૪) | વિશ્વ | ૧૨ |
| (૫) | વિજ્ઞાન અને ટેકનોલોજી | ૧૨ |
| (૬) | બર્મા જન્મભૂમિ, રાજકોટ કર્મભૂમિ | ૧૪ |
| (૭) | અર્થશાસ્ત્ર | ૧૬ |
| (૮) | એવોર્ડ / સન્માન | ૧૮ |
| (૯) | સ્પોર્ટ્સ | ૧૯ |
| (૧૦) | નિમણૂક / રાજીનામું / એવોર્ડ / સન્માન | ૨૪ |
| (૧૧) | ત્રિરંગા પહેલાં પણ દેશના પાંચ ઝંડા હતા | ૨૪ |
| (૧૨) | આઝાદી પછી અનેક શહેરોનાં નામ બદલાઈ ગયાં | ૨૫ |
| (૧૩) | વન લાઈનર | ૨૬ |
| (૧૪) | નિધન | ૨૬ |




ASTHA Academy Mo. 8980961441

ટાઈપીંગ અને સેટીંગ : સંતોષ રાવ (મો. : ૯૬૮૭૧ ૩૦૫૦૫)

# પ્રમુખ સ્વામી મહારાજનો અક્ષરવાસ

### ધર્મના રથ પર સવાર થઈ માનવતાનો ડંકો વગાડ્યો



સત્તર વર્ષની ઉંમરે ગામને પાદર ક્રિકેટનાં સાધનોની ખરીદી માટે નીકળતા શાંતિલાલને ગુરુ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી મળી : સાધુ થવા આવી જાઓ ! અને એ જ ક્ષણે ગૃહત્યાગ !

### સહજાનંદ સ્વામીનો ઉપદેશ જીવી બતાવ્યો

સ્વામીશ્રીની આ પ્રતિભા એક જ રાતમાં નથી પ્રસરી. છેલ્લા સાત દાયકા કરતાંય વધુ વર્ષોના તેમના સાધુ - જીવનમાં સતત પ્રકાશતાં રહેલાં તપ, ત્યાગ, સમર્પણ, પરાભક્તિનો એ પ્રભાવ છે.

જ્યારે ભગવાન સ્વામિનારાયણે ધર્મધુરા ધારણ કરી ત્યારે એમણે વરદાન માંગતાં પ્રાર્થના કરી હતી કે 'ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ તેને તે થાઓ નહિ; અને તેને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તે અન્ન-વસ્ત્રે કદીએ દુઃખી ન થાય.'

શ્રી હરિના અખંડ ધારક પ્રમુખસ્વામી મહારાજે આ પ્રાર્થનાને ક્ષણે ક્ષણે જીવી બતાવી છે. લોકહિત માટે પોતાના શરીરની કુરબાની કરી છે. એમણે પોતાનાં કષ્ટની કદી ચિંતા કરી નથી. હરિભક્તોને રાજી રાખવામાં, એમનાં સુખદુઃખમાં ભાગ લેવા માટે સ્વામીશ્રીએ જે શ્રમ વેઠ્યો છે એનો હિસાબ નથી. ભારે પ્રતિકૂળ સંજોગો હોય, કુદરતી આફતનો કોપ હોય કે સમયની તીવ્ર ખેંચ હોય તેવા પ્રસંગોએ પણ સ્વામીશ્રી ઘરોઘર ઘૂમ્યા છે. ક્યારેક કોઈનું ભાંગતું મન સાચવવા પીરસાયેલો થાળ પાછો ઠેલીને ભર બપોરે અઢી વાગ્યા પછી પણ સ્વામીશ્રી ફરીથી પધરામણીએ ગયા છે. દુષ્કાળ, પૂર, વાવાઝોડાં, ભૂકંપ જેવી કુદરતી આફતોમાં માનવ-સહાય માટે અનન્ય પુરુષાર્થ કર્યો છે. ગામમાં પડી જતા પક્ષોનાં વેરઝેર મિટાવવાં, વિવિધ આંદોલનોમાં શાંતિ માટેના પ્રયાસો એમણે કર્યાં છે.

એમણે કેળવણીના ક્ષેત્રમાં અદ્વિતીય યોગદાન આપ્યું છે. દહેજ જેવી કુરૂઢિઓ નાબૂદ કરવા સમાજને ફળદાયક સમજ આપી છે; અસ્પૃશ્યતા વગેરે સામાજિક કલંકો દૂર કરવામાં તેઓ સતત પુરુષાર્થશીલ રહ્યા છે. સાક્ષરતાથી લઈને જળસંચય અભિયાન સુધી કે વ્યસનમુક્તિ આંદોલનો સુધી વ્યાપેલી આવી તો કંઈ કેટલીય સામાજિક સેવાઓમાં તેમણે અદ્વિતીય પ્રદાન આપ્યું છે. અક્ષરધામ અને લંડન મંદિર જેવાં ગૌરવવંતાં સાંસ્કૃતિક સંકુલો તથા સેંકડો સંસ્કારધામો - મંદિરોનાં સર્જનો, દેશ-વિદેશમાં વિરાટ સંસ્કાર અભિયાનમાં તેઓ સૌથી વધુ સફળ રહ્યા છે.

સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)ના વડા અને દેશ - વિદેશના કરોડો હરિભક્તોના પ્રાતઃ સ્મરણીય પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે શનિવાર સાંજે ૬ વાગે સાળંગપુર મંદિરમાં ૯૫ વર્ષની વયે અંતિમ શ્વાસ લઈ શ્રી હરિચરણ પામ્યા હતા. પૂ. પ્રમુખસ્વામી બ્રહ્મલીન થતાં બીએપીએસના સંતો અને હરિભક્તોમાં ઊંડા શોકની લાગણી છવાઈ છે.

### તમે ગુરુ ગુમાવ્યા પણ મેં પિતા ગુમાવ્યા છે : મોદી

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના ચરણોમાં ઝૂકીને ભાવુક બની રડી પડ્યા હતા. તેઓ બાપાના ચરણોમાં પલાંઠી વાળી બેસીને અશ્રુભીની આંખે બાપાને વંદન કરતા રહ્યા હતા. કેટલીય ક્ષણો સુધી શબ્દહિન રહ્યા બાદ તેઓએ



'અશ્રુભીની આંખે અતિ ભાવુક બની કહ્યું હતું કે, અનેક લોકોએ ગુરુ ગુમાવ્યા છે, જ્યારે મેં તો પિતા ગુમાવ્યા છે. મને પ્રમુખ સ્વામી પાસેથી પિતાતૂલ્ય લાગણી મળી છે. વિવેક સાગરજી અને મારા લોહીના સંબંધો રહ્યા છે. વિવેક સાગરજીને મળ્યો હશે તેના કરતા વધારે પ્રેમ મને પ્રમુખ સ્વામી પાસેથી મળ્યો છે.'

# ગુજરાત

- **૧૧ મુખ્યમંત્રીએ અધવચ્ચેથી સત્તા છોડી**

ગુજરાતના ઈતિહાસમાં આનંદીબહેન પટેલ સહિત ૧૧ મુખ્યમંત્રીએ અધવચ્ચેથી સત્તા ધૂરાં છોડી હોવાનો ઈતિહાસ છે.

૧૫માં મુખ્યમંત્રી તરીકે આનંદીબહેને રાજીનામું આપ્યું છે. અગાઉ બળવંતરાય મહેતા, ઘનશ્યામ ઓઝા, ચીમનભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી, છબીલદાસ મહેતા, સુરેશ મહેતા, શંકરસિંહ વાઘેલા, દિલીપ પરીખ અને કેશુભાઈ પટેલનો સમાવેશ થાય છે. પ્રથમ મુખ્યમંત્રી જીવરાજભાઈ મહેતાથી જ અધવચ્ચેથી સત્તા છોડવાની પરંપરા ચાલી રહી છે. તેમણે પણ સાડા ત્રણ વર્ષ બાદ રાજીનામું આપ્યું હતું.

પાટીદાર નેતાઓમાં કેશુભાઈ પટેલ ૧૯૯૫માં ૨૨૧ દિવસ રહ્યા હતા જ્યારે ૧૯૯૮માં ફરી જીતીને આવ્યા પછી ૧૩૧૨ દિવસ મુખ્યમંત્રી રહ્યા હતા. પછી સત્તા લઈ લેવામાં આવી હતી. આનંદીબહેને મુખ્યમંત્રી તરીકે ૮૦૨ દિવસ પૂરા કર્યા છે. જ્યારે ચીમનભાઈ પટેલ અને બાબુભાઈ પટેલ તેમની ટર્મ પૂરી થતા પહેલા અવસાન પામ્યા હતા.

- **ડોનેટ લાઇફ એપ - ટોલ ફ્રી નંબરનું લોકાર્પણ**

ઓર્ગન ડોનેટ અંગે ભગીરથ કાર્ય કરતી ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા યુનિવર્સિટીના કન્વેશન હોલ ખાતે કેડેવર ઓર્ગન ડોનર પરિવાર, તબીબો, હોસ્પિટલ્સ તથા મદદરૂપ વ્યક્તિઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો, સાથે ઓર્ગન ડોનેટ માટેની રાજ્યમાં પ્રથમ ડોનેટ લાઈફ એપ અને ટોલ ફ્રી નંબર મુખ્યમંત્રીના હસ્તે લોન્ચ કરવામાં આવ્યો હતો.

- **રાજ્યમાં ૧૨ માર્ગોના ૨૦ ટોલબૂથ ૧૫મીથી ટેક્સમુક્ત**

પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે રાજીનામું આપતા પૂર્વે ૧૫મી ઓગસ્ટથી ટોલ ટેક્સમાં મુક્તિની કરેલી જાહેરાતને રૂપાણી સરકારે પણ મંજૂરીની મહોર આપી દીધી છે. આ અંગેની જાહેરાત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરી હતી.

- **વડીલો એક બટન દબાવી પોલીસ - ૧૦૮ બોલાવી શકશે**

એકલા રહેલા સિનિયર સિટીઝનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને જીપીએસથી સજ્જ મોબાઈલ આપવાની પોલીસ દ્વારા બે વર્ષ અગાઉ જાહેરાત કરાઈ છે. ગુજરાતમાં વાડજ પોલીસે સૌથી પહેલો અમલ કર્યો છે. વાડજના ૧૦૨ સિનિયર સિટીઝનને આ મોબાઈલ અપાયા છે. આ મોબાઈલમાં બે બટન છે, જેમાંથી એક પોલીસનું અને એક મેડિકલ હેલ્પ માટે ૧૦૮નું છે. પોલીસનું બટન દબાવવાથી ૪ જ સેકન્ડમાં સ્થાનિક પોલીસ સ્ટેશન અને પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન લાગશે. આ મોબાઈલ જીપીએસથી કનેક્ટ હોવાથી તેમાંથી જો કોઈ બોલશે નહીં તો પણ તે મોબાઈલના લોકેશનના આધારે પોલીસ તાત્કાલિક મદદ માટે પહોંચી શકશે.

બે વર્ષ પહેલા અમદાવાદમાં એકલા રહેતા સિનિયર સિટીઝનોના ઘરમાં ઘૂસીને તેમની હત્યા કરીને લૂંટની ઉપરા છાપરી ઘટનાઓ બનતા સરકારે સિનિયર સિટીઝનને જીપીએસ મોબીલ ફોન આપવાની જાહેરાત કરી હતી.

- **ફતેગંજ ફ્લાય ઓવરને પ્રમુખ સ્વામી અને કેબલ બ્રિજને ડો. આંબેડકરનું નામ**

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ડિસેમ્બર-૨૦૧૫માં શરૂ કરાયેલા શહેરના સૌથી લાંબા ફતેગંજ ફ્લાયઓવરને પૂ. પ્રમુખ સ્વામી મહારાજ બ્રિજ તેમજ કમાટીબાગમાં ખુલ્લા મુકાયેલા કેબલ સ્ટે બ્રિજ (ઝુલતા પુલ)ને ડૉ. બાબાસાહેબ આંબેડકર બ્રિજ નામકરણ કરાયું છે. આ બંને બ્રિજ ખાતે નામકરણની તકતિનું કેન્દ્રિય રેલવે મંત્રી સુરેશ પ્રભુ અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

- **દમણના પ્રશાસક તરીકે પહેલીવાર ગુજરાતી પ્રફુલ્લ પટેલની નિમણૂક**

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દમણના પ્રશાસક તરીકે પહેલીવાર ગુજરાતીની નિમણૂક કરવામાં આવી છે. રાજ્યમાં ૨૦૧૦માં ગૃહમંત્રી રહી ચૂકેલા પ્રફુલ્લ પટેલને પદ સોંપવામાં આવ્યું છે. અગાઉ સનદી અધિકારી જ સંઘ પ્રદેશનો કાર્યભાર સંભાળતા હતા.

**સાબરકાંઠાના ઉનાવાના રહેવાસી**

ઉનાવામાં જન્મ થયા બાદ તેઓએ ડિપ્લોમા ઇન સિવિલ એન્જિનિયરીંગ સુધીનો અભ્યાસ કર્યો છે. રોટરી ક્લબ સહિત અનેક સંસ્થાઓ સાથે જોડાયા બાદ તેઓ હિંમતનગર અને સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે પણ રહી ચૂક્યા છે. અમિત શાહના ગૃહ મંત્રી પદેથી રાજીનામા બાદ તેઓ ગૃહમંત્રી બન્યા હતા.

**૧૯૯૧ સુધી ગોવાના ગવર્નર હતા પ્રશાસક**

ગોવાને જ્યાં સુધી અલગ રાજ્યનો દરજ્જો મળ્યો ન હતો

ત્યાં સુધી ગોવાના લેફટન્ટ ગવર્નર સંઘ પ્રદેશ દમણ દીવ અને દાદરાના પ્રશાસક તરીકે વધારાનો ચાર્જ સંભાળતા હતા. જોકે, ૧૯૯૧માં ગોવા રાજ્ય બન્યા બાદ અહીં કેન્દ્ર સરકારના ગૃહ ખાતામાંથી આઈએએસ ઓફિસરની પ્રશાસક તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કદાચ દમણ પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત થયા બાદ પ્રથમ વખત કોઈ ગુજરાતીને દમણ અને દીવના પ્રશાસક બનાવવામાં આવ્યા છે.

- **ચૂનાના પથ્થરમાંથી પાણી ટપકતા સ્વયંભૂ શિવલિંગ આકાર પામે છે**

હિમાલયમાં આવેલા અમરનાથમાં બરફનું શિવલિંગ જે રીતે આકાર પામે છે તેવી જ રીતે પોરબંદરના રાણાવાવ તાલુકાના આદિત્યાણા ગામ પાસેની જાંબુવંતી ગુફામાં પમ ચૂનાનું પાણી ટપકતા સ્વયંભૂ શિવલિંગ આકાર પામે છે. શ્રાવણ માસમાં અહીં હજારોની સંખ્યામાં શિવ ભક્તો ઉમટે છે. ઈ.સ. ૧૯૦૪ના પુરાતત્ત્વ ખાતાના અધિનિયમ અન્વયે કલમ-૩ મુજબ ગવર્મેન્ટ ઓફ સૌરાષ્ટ્ર દ્વારા જાંબુવંતી ગુફાને રક્ષિત જાહેર કરવામાં આવી હતી. આ ગુફાનું પ્રવેશદ્વાર પાણીના કૂવા જેવું છે પરંતુ અંદર જતાં એક વિશાળ આકારની ગુફામાં જણાય છે. આ ઉપરાંત ગુફાના ખડકોના ઉપરના ભાગે પાણી સતત ટપક્યા કરે છે. નવાઈની વાત તો એ છે કે જ્યાં પાણી ટપકે છે ત્યાં શિવલિંગ બની જાય છે.

પુરાતત્ત્વવિદના મતે ખડકોના છતમાંથી હજારો વર્ષો સુધી પાણી ટપકે ત્યારબાદ જ આ શિવલિંગ આકાર પામે છે. ગુફામાં આવેલા શિવલિંગના આધારે આ ગુફા પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. એક દંતકથા પ્રમાણે જાંબુવનને ૧૦૮ શિવલિંગની પૂજા કરવી હતી. એક રાતમાં આટલી સંખ્યામાં શિવલિંગ ન થતાં જાંબુવન એક ધ્યાને બેઠા હતા. આથી ભગવાન શિવજી પ્રસન્ન થયા અને વચન આપ્યું કે ગુફાની અંદર ટપકતાં પાણીના ટીપામાંથી શિવલિંગ બની જશે. આજે પણ ગુફામાં કુદરતી રીતે પાણી માટીના શિવલિંગ ઉપર ટપકે છે. જોકે સમય જતાં આ શિવલિંગ આપમેળે અદ્રશ્ય પણ થઈ જાય છે. આ ગુફામાં બીજુ આકર્ષણ સોનીની જેમ ચમકતી માટી છે. જાંબુવંતી ગુફા ચૂનાના પથ્થરોથી બનેલી છે જેને સ્થાનિક ભાષામાં લોકો માખણિયો પથ્થર કહે છે. કહેવાય છે કે આ ચૂનાની બનેલી દિવાલ વરસાદમાં વધુ મજબૂત બને છે અને આ પથ્થરનો રંગ પીળાશ પડતો હોય છે.

## નવી સરકારના ૯ કેબિનેટ અને ૧૬ રાજ્ય કક્ષાના મંત્રીને ફાળવેલા ખાતા

| ક્રમ | નામ | હોદ્દો | વિષય ફાળવણીની વિગત |
|---|---|---|---|
| ૧. | વિજય રૂપાણી | મુખ્યમંત્રી | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ ઉદ્યોગ, ગૃહ, ક્લાઈમેટ ચેન્જ, બંદરો, માહિતી પ્રસારણ, નર્મદા, કલ્પસર, મહેસૂલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ખાણ-ખનીજ, વિજ્ઞાન અને ટેકનોલોજી, આયોજન, તમામ નીતિઓ અને કોઈ મંત્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો |
| ૨. | નીતિનકુમાર પટેલ | ના. મુખ્યમંત્રી | નાણાં અને શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના, નર્મદા, કલ્પસર, પેટ્રોકેમિકલ્સ |
| ૩. | ગણપતભાઈ વસાવા | | આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન |
| ૪. | ભુપેન્દ્રસિંહ ચુડાસમા | | શિક્ષણ વિભાગ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, મહેસૂલ, વૈદ્યાનિક અને સંસદીય બાબતો |
| ૫. | ચિમનભાઈ સાપરીયા | | કૃષિ, ઊર્જા |
| ૬. | આત્મારામભાઈ પરમાર | | સામાજિક ન્યાય અને અધિકારીતા, સામાજિક કલ્યાણ, શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ, મહિલા અને બાળ કલ્યાણ |
| ૭. | બાબુભાઈ બોખીરિયા | | પાણી પુરવઠો, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, મીઠા ઉદ્યોગ |
| ૮. | દિલીપકુમાર ઠાકોર | | શ્રમ અને રોજગાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ |
| ૯. | જયેશ રાદડિયા | | અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો, કુટિર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી |

ASTHA Academy Mo.9909661447

| | | | |
|---|---|---|---|
| ● | **રાજ્યકક્ષાના મંત્રીઓ** | | |
| ૧૦. | જશાભાઈ બારડ | | પાણી પુરવઠા, નાગરિક ઉડ્ડયન, મીઠા ઉદ્યોગ |
| ૧૧. | ઈશ્વરસિંહ પટેલ | | સહકાર (સ્વતંત્ર હવાલો) |
| ૧૨. | પ્રદીપસિંહજી જાડેજા | | પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, કાયદો અને ન્યાયતંત્ર, દેવસ્થાન, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતી વિભાગ, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ, ઊર્જા |
| ૧૩. | રાજેન્દ્ર ત્રિવેદી | | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, યાત્રાધામ વિકાસ |
| ૧૪. | જયદ્રથસિંહ પરમાર | | માર્ગ અને મકાન, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ |
| ૧૫. | કેશાજી શિવાજી ચૌહાણ | | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ |
| ૧૬. | રોહિતભાઈ પટેલ | | નાણાં, ઉદ્યોગ, ખાણ ખનિજ |
| ૧૭. | નાનુભાઈ વાનાણી | | જળ સંપત્તિ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ |
| ૧૮. | જયંતિભાઈ કવાડિયા | | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ |
| ૧૯. | શંકરભાઈ ચૌધરી | | આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, પર્યાવરણ અને શહેરી વિકાસ |
| ૨૦. | વલ્લભભાઈ વઘાસિયા | | કૃષિ, શહેરી ગૃહ નિર્માણ |
| ૨૧. | શ્રીમતી નિર્મલાબહેન વાધવાણી | | મહિલા અને બાળ કલ્યાણ |
| ૨૨. | બચુભાઈ ખાબડ | | પશુપાલન, ગૌસંવર્ધન |
| ૨૩. | વલ્લભભાઈ કાકડીયા | | વાહનવ્યવહાર (સ્વતંત્ર હવાલો) |
| ૨૪. | પુરુષોત્તમ સોલંકી | | મત્સ્યોદ્યોગ |
| ૨૫. | શબ્દશરણભાઈ તડવી | | વન અને આદિજાતિ વિકાસ |

ASTHA ACADEMY Mo.: 8980961444

# ભારત

## ● તિરુવનંતપુરમથી ઉપડેલી ફ્લાઈટનું દુબઈમાં ક્રેશ લેન્ડિંગ

તિરુવનંતપુરમથી દુબઈની ફલાઈટનું દુબઈમાં ક્રેશ લેન્ડિંગ થયું હતું. ૨૨૬ ભારતીયો સહિત ૨૮૨ યાત્રી અને ૧૮ ક્રૂ સભ્યો નીકળ્યા તેની એક મિનિટ પછી જ વિમાનમાં બ્લાસ્ટ થયો હતો અને અડધુ વિમાન ખાક થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં તમામ પ્રવાસીઓનો સહેજમાં બચાવ થયો હતો. દુર્ઘટનાનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી. પરંતુ સોશિયલ મીડિયાની તસવીરો મુજબ વિમાનના ફ્રન્ટ લેન્ડિંગ ગિયર તુટતા અકસ્માત થયો હોવાનું જણાતું હતું. લેન્ડિંગ ગિયર ફુલ્લી એક્સટેન્ડ ન થાય તેને ટેકનિકલ ભાષામાં ‘બેલી લેન્ડિંગ’ કહે છે.

## ● મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૬ને કેન્દ્રની મંજૂરી

દારૂ પીને ગાડી ચલાવશો તો રૂ. ૧૦,૦૦૦નો દંડ થશે.

બિલની મહત્ત્વની જોગવાઈઓ

● કેન્દ્ર સરકારે મોટર વાહન બિલને મંજૂરી આપી

● નક્કી કરેલી હદ કરતાં વધારે ઝડપથી ગાડી ચલાવવા પર ૧૦૦૦ થી ૪૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ.

● ઈન્સ્યોરન્સ વગર વાહન ચલાવવા પર ૨૦૦૦ રૂપિયા દંડ અથવા ત્રણ મહિનાની જેલ.

● હેલ્મેટ વગર વાહન ચલાવવા પર ૨૦૦૦ રૂપિયા દંડ અથવા ત્રણ મહિના માટે લાઈસન્સ સસ્પેન્ડ.

● બાળકો દ્વારા અકસ્માતની ઘટનામાં ગાડીનો માલિક દોષી ગણાશે. વાહનનું રજિસ્ટ્રેશન રદ થશે.

## ● વર્કપ્લેસ પર જાતીય સોષણની ફરિયાદ હશે તો ૩ મહિનાની રજા

જો વર્ક પ્લેસ પર તમારું જાતીય સોષણ થયું હોય અને તે અંગે તમે લેખિત ફરિયાદ કરી હોય તો તપાસ દરમિયાન તમે ૩ મહિનાની રજા લઈ શકો છો. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે લોકસભામાં આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વિમેન એટ વર્કપ્લેસ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૨ હેઠળ મહિલાઓ આ લાભ લઈ શકે છે. ખોટી રીતે ફિઝિકલ કોન્ટેક્ટ, સેક્સ્યુઅલ ફેવરની ડિમાન્ડ કે રિકવેસ્ટ, વાંધાજનક ટિપ્પણી કે ઈશારા પણ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ગણાય છે. મહિલા કર્મચારી સાથે અભદ્ર વ્યવહાર, કામમાં બિનજરૂરી દખલ કે મહિલા કર્મચારીની સુરક્ષાને અસર કરે તેવો આક્રમક માહોલ પણ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ગણાશે.

## ● વીડિયો કોન્ફરન્સથી પરમાણુ પ્લાન્ટનું ઉદ્ઘાટન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુટિન અને તમિલનાડુનાં મુખ્યમંત્રી જયલલિતાએ કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટના પહેલા યુનિટનું એક સાથે ઉદ્ઘાટન કર્યું છે. વડાપ્રધાન દિલ્હીથી, પુટિન મોસ્કોથી અને જયલલિતા ચેન્નઈથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયાં હતાં. મોદીએ તેને એક ઐતિહાસિક ઘટના ગણાવી છે. આ પ્રોજેક્ટની શરૂઆત ૧૯૮૦માં રાજીવ ગાંધીએ કરી હતી.

## ● નેત્રહીનો માટે પ્રથમ ટચ એન્ડ ફીલ ગાર્ડન શરૂ થયું

નેત્રહીનો માટે દેશનું પ્રથમ ટચ એન્ડ ફીલ ગાર્ડન કાલીકટ યુનિવર્સિટીના કેમ્પસમાં શરૂ કરાયું છે. અહીં દેશભરથી લાવેલા ૭૦ હર્બલ, મેડિસિન અને અન્ય પ્લાન્ટ લગાવાયા છે.

## ● ડો. વર્ગીસ કુરિયનની પ્રતિમા મિશિગન યુનિ.માં મુકાઈ

‘શ્વેતક્રાંતિ’ના પ્રણેતા સ્વ. ડૉ. વર્ગીસ કુરિયનની પ્રતિમા મિશિગન સ્ટેટ યુનિવર્સિટી (એમએસયુ)ના પ્રાંગણમાં સ્થાપિત કરાઈ છે. કર્ણાટકના ડેરી ઈજનેર મલ્લિકાર્જુન દેવપુર વીરાભદ્રપ્પાએ આરસની પ્રતિમા યુનિવર્સિટીને સુપરત કરી હતી. ડૉ. કુરિયને આ જ યુનિવર્સિટીમાંથી ૧૯૪૮માં મિકેનિકલ એન્જિનિયરીંગમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી.

ડૉ. કુરિયનના પ્રયાસો થકી ભારતમાં વર્ષ ૧૯૭૦માં ૨૨ મિલિયન ટન દૂધના ઉત્પાદનથી વધીને વર્ષ ૧૯૯૬માં ૬૬ મિલિયન ટનનો વધારો થયો હતો. ત્યારપછીથી દર વર્ષે દૂધ ઉત્પાદનમાં ૧૬૦ મિલિયન ટનનો વધારો થયો હતો.

## ● મેટરનિટી લિવ હવે ૧૨ નહીં પણ ૨૬ અઠવાડિયાની મળશે

મેટરનિટી બેનિફિટ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૬ ગુરુવારે રાજ્યસભામાં પસાર થયું હતું. હવે આ બિલ લોકસભામાં રજૂ કરાશે. તે કાયદામાં ફેરવાઈ ગયા પછી નોકરિયાત મહિલાઓને બે બાળકો સુધી ૨૬ અઠવાડિયાની મેટરનિટી લિવ મળશે. પ્રાઈવેટ કંપનીએ પણ મહિલાઓને ૨૬ અઠવાડિયાની મેટરનિટી લિવ આપવી પડશે. નોંધનીય છે કે કેબિનેટ મેટરનિટી બેનિફિટ એક્ટ, ૧૯૬૧માં ફેરફારને અગાઉ મંજૂરી આપી ચૂકી છે.

ASTHA ACADEMY Mo.: 8980099141

- **ટૂંકસમયમાં નેશનલ ટ્રેઝરી કંટ્રોલ પ્રોગ્રામ શરૂ થશે**

દેશમાં ટૂંક સમયમાં નેશનલ ટ્રેઝરી કંટ્રોલ પ્રોગ્રામ શરૂ થશે. તેના હેઠળ દુર્ઘટનામાં ઘાયલને તાત્કાલિક ટ્રોમા સેન્ટર સુધી પહોંચાડવાની વ્યવસ્થા અને સારવારની સુવિધા મળશે. આ માહિતી કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડાએ આપી હતી.

- **તેજગઢમાં લેખિકા - સમાજ સેવિકા મહાશ્વેતા દેવીનાં અસ્થિની સ્થાપના**

તેજગઢ ખાતે આવેલ આદિવાસી એકેડમી ખાતે મહાન અને ખ્યાતિ પ્રાપ્ત લેખિકા અને સમાજસેવિકા મહાશ્વેતા દેવી તા. ૨૮ જુલાઈના રોજ કલકત્તા ખાતે તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લેતા, તેમની મનોકામના મુજબ તેમના અસ્થિ તેજગઢ આદિવાસી એકેડમીમાં મહુડાના ઝાડના નીચે સ્થાપના કરવા માટે ભાષાકેન્દ્રના સ્થાપક પ્રોફેસર ગણેશ દેવી તથા સુરેખા દેવી, પ્રો. કાનજીભાઈ પટેલ, સંધ્યા ગજ્જર, ત્રિદીપ શ્રુહ્રદ, આઈ.એ.એસ. કે. કે. ચક્રવર્તી, ગુજરાતી સાહિત્ય લેખક ભગવાનદાસ પટેલ, પ્રોફેસર અજય દાંડેકર વગેરે મહાન હસ્તીઓની હાજરીમાં મહાશ્વેતા દેવીના અસ્થિ મૂકવામાં આવ્યા હતાં.

- **સ્કોર્પિયન સબમરીનનાં રહસ્ય લીક**

ભારતીય નૌકાદળના આશરે ૨૩૫ અબજ રૂપિયા સ્કોર્પિયન સબમરીન પ્રોજેક્ટની સુરક્ષા ખતરામાં પડી ગઈ છે. ફ્રેન્ચ કંપનીના સહયોગથી ભારતીય નૌકાદળ માટે મુંબઈમાં બનાવવામાં આવી રહેલી અત્યાધુનિક સબમરીનની ટેકનિકલ વિશિષ્ટતાઓ અને રડારથી બચવાની ક્ષમતાઓ સાથે સંબંધિત સંવેદનશીલ અને અત્યંત ગુપ્ત દસ્તાવેજોના ૨૨,૦૦૦થી વધુ પાના લીક થતા ભારતની સૈન્ય તૈયારીઓને ભારે ફટકો પડ્યો છે.

**ખતરો કેટલો મોટો એ ખબર નથી : પારિકર**

લીક થયેલી માહિતીથી કેટલો ખતરો છે તેનો હાલમાં સરકારને તેનો અંદાજો નથી. સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે નૌકાદળના વડાને તપાસ કરવા કહ્યું છે. સ્કોર્પિયન સાથે સંબંધિત કઈ અને કેટલી માહિતી લીક થઈ છે તેની તેઓ તપાસ કરશે. પારિકરે જણાવ્યું કે આ લગભગ રાત્રે ૧૨ વાગે થયું છે. તેમણે હેકિંગની આશંકા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે લીક થયેલી માહિતી ૧૦ ટકા નથી.

**દસ્તાવેજ ક્યાંથી લીક થયા**

આ ડેટા આખરે ક્યાંથી લીક થયા તે હાલમાં સૌથી મોટો પ્રશ્ન છે. નૌકાદળનો દાવોછે કે માહિતી ભારતને બદલે વિદેશી સોર્સથી લીક થઈ છે. ડીસીએનએસે પણ દાવો કર્યો છે કે લીક ફ્રાન્સને બદલે ભારત તરફથી થઈ છે.

**૨૨૪૦૦ પાનામાં મહત્ત્વની વિગતો**

લીક દસ્તાવેજો ૨૨,૪૦૦ પાનાના છે. રડારથી બચવાની ગુપ્ત ક્ષમતા, ગુપ્ત માહિતી એકત્રિત કરવાની ફ્રીકવન્સી, વિભિન્ન સ્પીડ પર ઘોંઘાટ, ડાઈવની વિભિન્ન ઊંડાઈ, રેન્જ અને મજબૂતી વગેરેનો આ પાનામાં ઉલ્લેખ છે.

| કઈ ખાસિયતના કેટલા પાનાં | |
|---|---|
| અંડર વોટર સેન્સર | ૪૪૫૭ |
| પાણીની ઉપરના સેન્સર | ૪૨૦૯ |
| યુદ્ધ મેનેજમેન્ટ પ્રણાલી | ૪૩૦૧ |
| ટોરપીડો લોન્ચ સિસ્ટમ | ૪૩૦૧ |
| કોમ્યુનિકેશન સિસ્ટમ | ૬૮૪૧ |
| નેવિગેશન સિસ્ટમ | ૨૧૩૮ |

**સ્કોર્પિયનની ૬ સબમરીન બનશે**

મહારાષ્ટ્રના મઝગાંવ ડોક પર સ્કોર્પિયન ક્લાસની ૬ સબમરીન બની રહી છે. આ શ્રેણીની પ્રથમ સબમરીન આઈ.એન.એસ. કલાવરીનું આ વર્ષે મેમાં પરીક્ષણ શરૂ થયું હતું.

- **ચાઈલ્ડ એજ્યુકેશન એલાઉન્સના દાવામાં ઈ-રિસીપ્ટ માન્ય ગણાશે**

ચાઈલ્ડ એજ્યુકેશન એલાઉન્સના દાવામાં ઈલેક્ટ્રોનિક રિસીપ્ટ માન્ય ગણાશે. આ નિર્દેશ ડીઓપીટીએ આપ્યા છે. હાલ કેન્દ્ર સરકારના વિભાગોમાં ઈલેક્ટ્રોનિક રિસીપ્ટ નકારી દેવાતી હતી.

- **દેશમાં સરોગસીના વેપલા સામે રોક લાગશે**

દેશમાં અનૈતિક રીતે ચાલતા સરોગસી (કૂખ ભાડે આપવી / લેવી)ના વેપાર પરઅંકુશ લાવવા માટેના એક ખરડાને સરકારે બુધવારે મંજૂરી આપી છે. આ ખરડો કાયદામાં ફેરવાયા બાદ કોમર્શિયલ સરોગસી પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાઈ જશે અને માત્ર કાયદેસર રીતે પરિણીત ભારતીય દંપતીઓ જ સરોગસીથી બાળક મેળવી શકશે. સરોગસી (રેગ્યુલેશન) બિલ, ૨૦૧૬માં અપરિણિત યુગલો, સિંગલ પેરેન્ટ્સ, લિવ - ઈન પાર્ટનર્સ તેમજ હોમોસેક્સ્યુઅલ્સ માટે સરોગસીનો વિકલ્પ અપનાવવા પર રોક લગાવી છે. ૨૦૦૦થી વધુ સરોગસી ક્લિનિક્સ સાથે ભારત વિશ્વમાં કોમર્શિયલ સરોગસીના હબ તરીકે ઊભરી રહ્યું છે.

દેશમાં સરોગસીની અનૈતિક રીતરસમો ડામવા આ બિલ લવાયું છે. કોમર્શિયલ સરોગસી અપનાવી કે બાળક ત્યજી દઈને ખરડાની જોગવાઈઓનો ભંગ કરનારાઓને ૧૦ લાખ

ASTHA Academy Mo.: 8980067444

રૂપિયાનો દંડ અને ૧૦ વર્ષ સુધીની જેલ થઈ શકે છે. સરોગસી (રેગ્યુલેશન) બિલ,૨૦૧૬ અંગે સંસદના શિયાળુ સત્રમાં ચર્ચા થશે.

સેલિબ્રિટીઝમાં સરોગસીથી સંતાનની ફેશન : સુષ્મા

કેન્દ્રીય પ્રધાન સુષ્મા સ્વરાજે કહ્યું કે સેલિબ્રિટી કપલ્સમાં સરોગસીથી બાળક મેળવવાની ફેશન બની ચૂકી છે. સેલિબ્રિટી મહિલાઓને પ્રસવપીડા સહન કરવી નથી. તેઓ અન્ય મહિલોને તે પીડા સહન કરવાના નાણાં ચૂકવે છે. ખરડાથી ખાસ તો ગ્રામીણ, આદિવાસી ગરીબ મહિલાઓનું શોષણ બંધ થશે.

### ખરડાની મુખ્ય જોગવાઈઓ

- દેશમાં કોમર્શિયલ સરોગસી પર સંપૂર્ણ પ્રતિબંધ

- ઓછામાં ઓછું પાંચ વર્ષનું લગ્નજીવન ધરાવતા હોય તેવા કાનૂની રીતે પરિણીત ભારતીય દંપતીઓ જ સરોગસી દ્વારા બાળક મેળવી શકશે.

- વિદેશીઓ તેમજ બિનનિવાસી ભારતીયો (એન.આર.આઈ.) અને વિદેશોમાં વસતા મૂળભારતીયો (પી.આઈ.ઓ.) સરોગસી દ્વારા બાળક મેળવી શકશે નહીં.

- અપરિણીત યુગલો, સિંગલ પેરેન્ટ્સ, લિવ - ઈન પાર્ટનર્સ તેમજ હોમોસેકસ્યુઅલ્સને પણ સરોગસીનો લાભ નહી મળે.

- કપલના 'ક્લોઝ રિલેટિવ' એટલે કે અંગત સગાં જ સરોગેટ મધર બની શકશે. કોઈપણ સરોગેટ મધર એક જ વખત કૂખ ભાડે આપી શકશે.

- તે પરિણીત હોવી જોઈએ તથા તંદુરસ્ત સંતાનની માતા હોવી જોઈએ.

- સરોગેટ ચાઈલ્ડ ઈચ્છતી મહિલાની ઉંમર ૨૩થી ૫૫ વર્ષની વચ્ચે અને તેના પતિની ઉંમર ૨૬થી ૫૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ.

- પેરેન્ટ્સની સંપત્તિ પર સરોગેટ ચાઈલ્ડને પણ જૈવિક કે દત્તક લેવાતા બાળકો જેટલા જ અધિકાર મળશે.

- કેન્દ્રીય કક્ષાએ તેમજ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં સરોગસી બોર્ડની રચના કરાશે.

- કોઈ કાનૂની વિખવાદના સંજોગોમાં ડોક્યુમેન્ટ્સ ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવા સરોગસી ક્લિનિક્સે ૨૫ વર્ષનો રેકોર્ડ જાળવવો પડશે.

- સરોગસીથી બાળક મેળવવા ઈચ્છતા યુગલોએ સર્ટિફિકેટ આપવું પડશે કે તેમનાં બંનેમાંથી કોઈ એક બાળક પેદા કરવા સક્ષમ નથી.

- એક બાળક ધરાવતાં દંપત્તિઓ બીજું બાળક સરોગસીથી મેળવી શકશે નહીં.

## ● કાશ્મીરમાં પેલેટ ગનનું સ્થાન પાવા શેલ્સ લેશે

કાશ્મીરમાં હિંસક ટોળાં ઉપર કાબૂ મેળવવા માટે ઉપયોગમાં લેવાતી પેલેટ ગનના કારણે અનેક લોકોને ઈજા થઈ હોવાને કારણે તેનો ઉપયોગ બંધ કરી દેવામાં આવે તેવી શક્યતા છે. પેલેટ ગનની જગ્યાએ મરચાં ભરેલી પાવા શેલ્સનો ઉપયોગ કરાશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા બનાવવામાં આવેલી સમિતિએ આ અંગે પાવા ગોળાઓને ઉત્તમ વિકલ્પ ગણાવ્યો છે. મરચાં આધારિત આ હથિયાર છોડવાથી લોકો હંગામી ધોરણે અક્ષમ થઈને સ્થગિત થઈ જાય છે. છરા ધરાવતી પેલેટ ગનના ઉપયોગને કારણે કાશ્મીરમાં અનેક લોકો ઘાયલ થયા છે. તેના કારણે અનેક લોકોએ પોતાની દૃષ્ટિ ગુમાવી હોવાના દાખલા પણ છે. તેના કારણે આ હથિયારની ચોમેરથી ટીકા કરવામાં આવી રહી છે.

### પાવા ગન શું છે

પીએવીએ એટલે પાવા ગનનું આખું નામ પેલઓર્ગેનિક એસિડ વેનિલિલ એમેદિ છે. તેને નોનિવામિદેના નામે પણ ઓળખવામાં આવે છે. આ એક ઓર્ગેનિક રસાયણ છે કે જે કુદરતી રીતે મરચાંમાં જોવા મળે છે. સમિતિએ રાષ્ટ્રીય રાજધાની ખાતે યોજાયેલા પ્રદર્શનમાં તેને જોયું અને કાશ્મીરમાં તેનો ઉપયોગ કરવાની મંજુરી આપી દીધી હતી.

## ● નવા મોટર વ્હિકલ (સુધારા) વિધેયકને કેબિનેટની મંજૂરી

સૂચિત જોગવાઈ ઊડતી નજરે...

વીમા વિના ડ્રાઈવિંગ કરતાં રૂપિયા ૨૦૦૦ સુધીનો દંડ

હેલ્મેટ વિના વાહન હકારતા પણ રૂપિયા ૨૦૦૦ સુધીનો દંડ

વધુ ગતિએ વાહન ચલાવવા બદલ રૂપિયા એક હજારથી ચાર હજારના દંડની જોગવાઈ

માર્ગ અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં રૂપિયા ૧૦ લાખ સુધીનાં વળતરની જોગવાઈ

હિટ એન્ડ રન કેસમાં રૂપિયા બે લાખ સુધીના વળતરની ચુકવણી કરવાની જોગવાઈ

શરાબ સેવન કરેલી સ્થિતિમાં વાહન હંકારવા બદલ રૂપિયા ૧૦,૦૦૦ના દંડની જોગવાઈ

સગીર માર્ગ પરિવહન નિયમોનો ભંગ કરે તો વાહન માલિક કે વાલી જવાબદાર રહેશે, તેવા કિસ્સામાં વાહનની નોંધણી રદ થશે.

## ● ઈરોમ શર્મિલા : જીદ હજુ બાકી, ૧૦ મોત, ૧ કાયદો અને ૧ મહિલાનું ૧૬ વર્ષ ચાલેલું અનશન

મણિપુરની એક્ટિવિસ્ટ ઈરોમ શર્મિલા ૧૬ વર્ષ બાદ



ASTHA ACADEMY Mo.: 8980094...

મંગળવારે પોતાની ભૂખ હડતાલ સમાપ્ત કરી : મંગળવારે જ ભૂખ હડતાળ સમાપ્ત કરવાની સાથે જ ઈરોમને સ્થાનિક અદાલત નજરબંદીમાંથી મુક્તિ આપી શકે છે.

કેમ ઈરોમ ભૂખ હડતાળ પર બેઠી હતી ? ક્યારે બેઠી હતી ભૂખ હડતાળ પર ?

૨ નવેમ્બર ૨૦૦૦ના રોજ આસામ રાઈફલના જવાનો સાથેની અથડામણમાં ૧૦ લોકોના મોત નીપજ્યા હતા તેના વિરોધમાં અનશન ઈરોમે અનશન શરૂ કર્યા હતા.

શર્મિલાએ પોતાના અનશન ઈમ્ફાલના જસ્ટીસ પીસ ફાઉન્ડેશન - બિન સરકારી સંગઠન સાથે જોડાઈને શરૂ કર્યા હતા.

શરૂઆતમાં લોકોએ ફક્ત ભાવુક્તા હોવાનું જણાવ્યું પણ સમયની સાથે સંઘર્ષ પોલાદી થયો. ૧૬ વર્ષમાં અનેક વખત ધરપકડ થઈ હતી. તેના પર આત્મહત્યાનો પણ આરોપ લગાવાયો અને તેની અટકાયત કરી.

ઈરોમ શર્મિલાએ મણિપુરમાંથી આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર એક્ટ ૧૯૫૮ દૂર કરવાની માગ સાથે ૨ નવેમ્બર ૨૦૦૦થી ૯ ઓગસ્ટ ૨૦૧૬ સુધી ભૂખ હડતાળ પર રહી. આ કાયદા હેઠળ સશસ્ત્ર દળોને ખાસ અધિકાર આપે છે. ૨૮ વર્ષની ઉંમરે જ ભૂખ હડતાળ શરૂ કરેલી ૧૬ વર્ષ તેનું જીવન નિયત રૂટિનમાં ચાલતું રહ્યું. અનશન દરમિયાન તેણે બે વિક્રમ પણ સર્જ્યા એવું કહેવાય પ્રથમ લાંબી ભૂખ હડતાળ, બીજો, વારંવાર ધરપકડ અને મુક્તિ.

**ઘણા સન્માન મળ્યા**

- ઈરોમા શર્મિલાને અનેક વખત સન્માન પણ મળ્યા. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર તેમને એમએસએન વૂમન આઈકન ઓફ ઈન્ડિયાનો ખિતાબ આપ્યો હતો.
- ૨૦૦૭માં લોકતંત્ર અને શાંતિ સ્થાપના માટે માનવાધિકાર સન્માન થયું.
- ૨૦૦૯માં અહિંસક સંઘર્ષ માટે એવૉર્ડ અપાયો. ૨૦૧૦મા લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવૉર્ડ એશિયન હ્યુમન રાઈટ્સ કમિશને આપ્યો હતો.
- ૨૦૧૩માં એમનેસ્ટીએ તેમને પ્રિજનર ઓફ કંસાઈસ જાહેર કર્યા.

## એઆઈએસપીએ શું છે ?

જે કાયદાનો વિરોધ કરેલો તે સંસદમાં ૧૧ સપ્ટેમ્બર ૧૯૫૮ના રોજ પસાર થયો હતો. આ કાયદામાં અરુણાચલ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડના અશાંત વિસ્તારોમાં ખાસ અધિકારો આપવામાં આવેલા. કાશ્મીરમાં ૧૯૯૦માં આ કાયદાનો અમલ થયો. આ કાયદા હેઠળ કોઈને કારણ દર્શાવ્યા વિના પકડી શકાય તે પણ અચોક્કસ મુદત માટે તેવી જોગવાઈઓ હતી.

કાશ્મીર ખીણમાં આતંકવાદી ઘટનાઓમાં વધારા બાદ જુલાઈ ૧૯૯૦માં આ કાયદો સશસ્ત્ર દળો (જમ્મ-કાશ્મીર) વિશેષ શક્તિઓ અધિનિયમ, ૧૯૯૦ના રૂપમાં રાજ્યમાં પણ લાગુ કરાયો હતો. જોકે, રાજ્યના લદ્દાખ વિસ્તારને કાયદાના દાયરાથી બહાર રાખવામાં આવ્યું. આ કાયદા અંતર્ગત દેશના અશાંત વિસ્તારોમાં સેનાને વધારાના અધિકાર મળે છે.

## ● ભારત ૧.૫ અબજ વર્ષ પહેલા એન્ટાર્કટિકા ખંડનો જ ભાગ હતો

આજનું ભારત એક સમયે પૃથ્વીના દક્ષિણ છેડે આવેલા એન્ટાર્કટિકા ખંડનો ભાગ હતું. ભારત અને સ્વિત્ઝરલેન્ડના ભુસ્તર શાસ્ત્રીઓ આ દિશામાં સંશોધન કરી રહ્યા હતા અને તેમને આ અંગેના પુરાવાઓ પણ મળ્યાં છે. અંદાજે દોઢ અબજ વર્ષ પહેલા ભારતીય ઉપખંડનો ટૂકડો એન્ટાર્કટિકાથી છૂટો પડીને ઉત્તર તરફ સરકતો સરકતો એશિયન પ્લેટ સાથે અથડાયો હતો. એ પછીય આજેય ભારત ઉત્તર તરફ સરકે છે અને તેના કારણે હિમાલયમાં વારંવાર ભૂકંપ આવે છે, એ જાણીતી વાત છે.

ભારતના પૂર્વ ભાગમાં આવેલા ઈસ્ટરર્ન ઘાટના કેટલાક કરોડો વર્ષ પુરાણા ખડકોનો અભ્યાસ કરીને વિજ્ઞાનીઓ આ તારણ પર આવ્યા છે. આ સંશોધક ટૂકડીની આગેવાની કરતા આઈઆઈટી ખડકપૂરના વિજ્ઞાની દેવાશિષ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે આ પ્રથમ વાર આપણને ભારત એન્ટાર્કટિકાનો ભાગ હતો તેના પુરાવા મળ્યા છે. અત્યાર સુધી ભારત એન્ટાર્કટિકા ખંડનો ભાગ હોવાની ધારણા હતી. હવે તેને સાબિત કરતા પુરાવા સાંપડ્યા છે.

એક સમયે આખું જગત એક જ ખંડ સ્વરૂપે હતું અને ફરતે સમુદ્રો ફેલાયેલા હતા. ધીમે ધીમે પૃથ્વીના પેટાળમાં રહેલી વિવિધ પ્લેટો ખસતી ગઈ એમ ભારત, ઓસ્ટ્રેલિયા, ઉત્તર અમેરિકા, આફ્રિકા વગેરે જમીની ભાગો અલગ પડતા ગયા અને આજના સ્વરૂપમાં આવ્યા. જોકે આ પ્રક્રિયા અબજો વર્ષ સુધી ચાલી હતી. ભારત અને એન્ટાર્કટિકાને અલગ પાડવાનું કામ સમુદ્રએ કર્યું હતું. આફ્રિકા ખંડના પૂર્વ કાંઠે આવેલો ટાપુ દેશ માડાગાસ્કર પણ એક સમયે તો ભારત સાથે જ જોડાયેલો હતો.

ASTHA ACADEMY Mo.: 8980[illegible]

# વિશ્વ

- **સૌથી લાંબો અને ઊંચો ગ્લાસ બ્રિજ શરૂ, ૮૦૦ લોકો ઊભા રહી શકશે**

દુનિયાનો સૌથી મોટો ગ્લાસ બ્રિજ શનિવારથી લોકો માટે ખોલી દેવામાં આવ્યો હતો. આ બ્રિજ પરએક સાથે ૮૦૦ લોકો ઊભા રહી શકશે. તેને પહાડના બે શિખરો વચ્ચે જમીનથી ૩૦૦ મીટર ઊંચે બનાવાયો છે. ડિઝાઈન અને કન્સ્ટ્રક્શનને મામલે આ બ્રિજ ૧૦ વર્લ્ડ રેકોર્ડ બનાવી ચૂક્યો છે. આ બ્રિજ પરથી રોજ ૮૦૦૦ વિઝિટર પસાર થઈ શકશે. તેને જોવા માટે એક દિવસ પહેલા બુકિંગ કરાવવું પડે. ટિકિટ લગભગ ૧૪૦૦ રૂપિયા છે.

- **અમેરિકન સ્કાય ડાઈવર લ્યુક એકિન્સે...**

અમેરિકન સ્કાય ડાઈવર લ્યુક એકિન્સે ૨૫ હજાર ફૂટની ઊંચાઈથી પેરાશૂટ તથા વિંગશૂટ વિના જ કૂદકો લગાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. કેલિફોર્નિયાની સીમી પર્વતમાળામાં શનિવારે તેમણે અદ્‌ભુત સ્ટંટ કરી બતાવ્યો હતો. લ્યુક ૧૯૩ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે જમીન પર આવ્યો હતો. ૪૨ વર્ષનાં લ્યુક સીધો જ ૧૦૦ ફૂટ લાંબી એક જાળીમાં સુરક્ષિત રીતે ઉતર્યો હતો. તેણે પોતાનાં આ સ્ટંટને અવર્ણનીય ગણાવ્યો હતો. બાદમાં તે પોતાના પરિવારજનોને મળ્યો હતો.

# વિજ્ઞાન અને ટેક્નોલોજી

- **નવું સંશોધન અજન્મા બાળકની સંપૂર્ણ સ્થિતિ જણાવશે**

અત્યાર સુધી એવા જીન્સ નથી શોધાયા જે નિશ્ચિતરૂપે સંબંધીત વ્યક્તિની બુદ્ધિમત્તાના સંબંધમાં ભવિષ્યવાણી કરી શકે. જો આપણે જાણી પણ જઈએ કે આપણે ક્યા પ્રકારના જીન્સ શોધી રહ્યા છીએ તો પણ ગર્ભાવસ્થાના શરૂઆતના સમયમાં આપણે તેના વિશે કોઈ અનુમાન નહી લગાવી શકીએ. પરંતુ નવા પ્રકારની પ્રસૂતિ પૂર્વે જેનેટિક પરિક્ષણથી આ સ્થિતિ બદલાઈ શકે છે.

પહેલા જન્મ થવા સુધી તમારા બાળકના સંબંધમાં કોઈપણ માહિતી મળતી ન હતી. તે છોકરો છે કે છોકરી ? તેની ૧૦ આંગળીઓ છે કે નહીં ? શું બાળક સ્વસ્થ છે ? શું કોઈ આનુવંશિક ખામી છે ? આવા દરેક સવાલો આશ્ચર્યથી ઘેરી લેતા હતા. પરંતુ હવે અલસ્ટ્રા સાઉન્ડથી મહિના પહેલા જ બાળકની આંગળીઓ અને શરીરના અન્ય અંગો વિશે માહિતી મળી જાય છે.

તાજેતરમાં ભ્રૂણની કોશિકાવિહિન ડીએનએ પરિક્ષણે પ્રસવ પૂર્વે જેનેટિક પરિક્ષણની દિશામાં ક્રાંતિ લાવી છે. આ પરિક્ષણોના અમુક બ્રાંડનેમ પ્રચલિત છે. જેમકે, હારમની કે મેટરનીટી ૨૧, પ્રત્યેક ટેસ્ટની ટેકનોલોજી લગભગ એકસમાન છે. આ ટેસ્ટ માના લોહીના સેમ્પલ પર નિર્ભર કરે છે. તેના પરિમામ અમીનો સેન્ટેસિસ અથવા કોરીઓનિક વિલસ સેમ્પિંગ (સીવીએસ) જેવા ભ્રૂણને કોઈ ખતરો રહેતો નથી. આ નવા ટેસ્ટ નૈતિક મૂલ્યો સાથે છેડછાડ પણ કરતા નથી.

**અલ્ટ્રા સાઉન્ડ (૧૯૬૦થી)**

જેનેટિક સમસ્યાઓના શારીરિક ચિન્હો ઓળખવામાં ડૉક્ટરોની મદદ કરે છે. મશીનની મદદથી પેટમાં ઉચ્ચ ધ્વનિ તરંગો મોકલવામાં આવે છે. ગર્ભના ગળાના પાછળના ભાગમાં દ્રવ્ય જમા થતાં જ ખામીના પ્રારંભિક સંકેતો મળે છે.

ક્યારે થાય છે : ૧૧ થી ૧૪ સપ્તાહ.

ખતરો : શરીર ચીરવું પડે છે.ગર્ભ પર વારંવાર અલ્ટ્રા સાઉન્ડના પ્રભાવોની માહિતી નથી.

**અમીનો સેન્ટેસિસ (૧૯૬૦થી)**

તેનાથી ક્રોમોસોમની ખામી, વિરાસતમાં મળતા રોગ અને કરોડરજ્જુના હાડકા અથવા મગજની ખામી અંગે જાણી શકાય છે. પેટમાં સોય નાંખીને એમીનોટિવ દ્રવ્ય કાઢે છે. તેની ગર્ભકોશિકાઓનું વિશ્લેષણ કરાય છે.

ક્યારે થાય છે : ૧૫ થી ૨૦ સપ્તાહ

ખતરો : દર ૧૦૦૦ માંથી એક ટેસ્ટ દરમિયાન ગર્ભપાત.

**કોરિઓનિક વિલસ સેમ્પલિંગ (૧૯૮૦થી)**

ક્રોમોસોમની વિસંગતિઓ અને વિરાસતમાં મળતા રોગની ઓળખ કરે છે. પેટમાં સોય અથવા કેથેટરના માધ્યમથી ગર્ભનાળની કોશિકાઓ કાઢે છે. ગર્ભનાળના ટિશ્યૂમાં ગર્ભ જેવું જ જેનેટિક મટીરિયલ હોય છે.

**ક્યારે થાય છે : ૧૦ થી ૧૩ સપ્તાહ**

ખતરો : દર ૫૦૦માંથી એક પ્રક્રિયા દરમિયાન ગર્ભપાત.

ASTHA ACADEMY Mo.: 8980061441

લોહીનું ટેસ્ટ : ક્રોમોસોમ સંબંધિત સમસ્યાઓને જાણવામાં ડૉક્ટરોની મદદ કરે છે. માના શરીરથી લોહીનો નમૂનો લે છે. મા ના રક્તમાં ગર્ભના ડીએનએ મળે છે. આ ગર્ભનાળથી થઈને પસાર થાય છે.

ક્યારે થાય છે : ૧૦ સપ્તાહ અથવા તેના પછી.

ખતરો : શરીર ચીરવાની અનેક પ્રક્રિયા કરાતી નથી.

- **વિજ્ઞાનીઓએ જેલીફિશ પ્રોટિનમાંથી નવું લેસર બનાવ્યું**

વિજ્ઞાનીઓએ પ્રથમવાર ચળકતા જેલીફિશ પ્રોટિનમાંથી લેસર બનાવ્યું છે. આ પ્રોટિન બેકટેરિયામાં વિકસિત થાય છે. સંશોધકોએ જણાવ્યું કે આ લેસર્સ પરંપરાગત કરતાં વધુ કાર્યક્ષમ હોવાની ક્ષમતા ધરાવે છે. આ સફળતા પોલારિટન લેસર્સમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

બાયોમેડિકલ ઈમેજિંગમાં સંપૂર્ણ પરિવર્તન કરનાર આ ચળકતા પ્રોટિનથી વિજ્ઞાનીઓ કોષોની અંદરની પ્રક્રિયા પર દેખરેખ રાખવામાં સહાયરૂપ થાય છે.

- **હવે જીમેલની જેમ હિન્દીમાં પણ ઈમેલ એડ્રેસ મળશે**

હિન્દીમાં જીમેલ અને આઉટલુકની જેમ જ ઈમેલ એડ્રેસ મળવાનું શરૂ થઈ ગયું છે. જોકે, હાલ તેના માટે નાણાં ચુકવવા પડશે. એક સ્ટાર્ટઅપ હિન્દી અને દેવનાગરીમાં આ સુવિધા આપવાનું શરૂ કર્યું છે.

- **ટેલ્ગો ટ્રેન ૧૫ કલાક ૪૧ મિનિટમાં દિલ્હીથી મુંબઈ પહોંચી**

સ્પેનિશ બનાવટની ટેલ્ગો ટ્રેન તેના અંતિમ તબક્કાના પરીક્ષણ માટે મુંબઈ આવી પહોંચી હતી. ૧૩૦ કિ.મી.ની ઝડપે દોડેલી આ ટેલ્ગો ટ્રેન ભારે વરસાદને કારણે દક્ષિણ ગુજરાતના ભિલાડ અને વાપી વચ્ચે રેલ વ્યવહાર ખોરવાતા ટ્રેન નિર્ધારિત સમય કરતા મોડી પહોંચી હતી. તેમ છતાં આ ટ્રાયલ રન સફળ રહ્યું હોવાનું પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી રવિન્દ્ર ભાકરે જણાવ્યું હતું.

- **પાકના ૧૦૦ કિ.મી. પર હુમલો કરવા સક્ષમ ગ્લાઈડ બોમ્બનું પરીક્ષણ**

ભારતે પહેલીવાર ગ્લાઈડ બોમ્બનું પોખરણના ફાયરિંગ રેન્જમાં સફળ પરીક્ષણ કર્યું હતું. ગરુડ અને ગરુથમા નામના ગ્લાઈડ બોમ્બને ઈન્ડિયન એરફોર્સના ફાઈટર જેટ સુખોઈથી ફેંકવામાં આવ્યા હતા. ગરુથમાની રેન્જ ૧૦૦ કિલોમીટરની છે. તેમને વર્ષના અંતમાં એરફોર્સમાં સામેલ કરવામાં આવશે. પાકિસ્તાનના ૧૦૦ કિલોમીટર વિસ્તારને આવરી લેવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે તેવી શક્યતા છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)એ તેને પુણે, હૈદરાબાદની લેબમાં તૈયાર કર્યા છે. ગયા વર્ષે ઓરિસ્સાના ચાંદીપુર રેન્જમાં સમુદ્રની અંદર તેનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ૧૦૦૦ કિલોગ્રામ વજનવાળા ગરુથમાએ ૧૦૦ કિલોમીટર દૂરના ટાર્ગેટને નિશાન બનાવ્યું હતું. બીજી તરફ ગરુડે ૩૦ કિલોમીટર સુધી નિશાન લગાવ્યું હતું.

- **૭૦૦ વર્ષે સૂર્યની પ્રદક્ષિણા પુરી કરતો નવો વામન ગ્રહ મળી આવ્યો**


સૂર્યમાળાની ભાગોળે પ્લુટો પછી વધુ એક વામન - લઘુ ગ્રહ (ડ્વાર્ફ પ્લાનેટ) મળી આવ્યાની વિજ્ઞાનીઓએ જાહેરાત કરી છે. પ્લુટો - નેપ્ચ્યુન પછી આવેલો આ લઘુગ્રહ સૂર્યમાળાના છેવાડે આવેલા કુઈ પર બેલ્ટનો સભ્ય છે અને ઘણું કરીને તેના બંધારણમાં હરફની વિશેષ માત્રા છે. આ ગ્રહને સૂર્ય ફરતે એક રાઉન્ડ પુરો કરવામાં ૭૦૦ વર્ષ લાગે છે. એટલે એ સૂર્યથી કેટલો દૂર હશે તેનો અંદાજ લગાવી શકાય છે.

હવાઈ ટાપુના માઉના કી પર્વતમાળા પર આવેલા અમેરિકા - ફ્રાન્સ, કેનેડા દ્વારા સંયુક્ત રીતે સંચાલિત ટેલિસ્કોપે ૨૦૧૫માં પ્રથમવાર આ મીની ગ્રહનો પત્તો લગાવ્યો હતો. માટે હાલ તેને '૨૦૧૫-આર.આર. ૨૪૫' એવું નંબરયુક્ત નામ આપી દેવાયું છે. આ ગ્રહનો વ્યાસ ૭૦૦ કિલોમીટર જેટલો જ હોવાથી તેને લઘુગ્રહ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે.

ASTHA Academy Mo.: 8866...

# બર્મા જન્મભૂમિ, રાજકોટ કર્મભૂમિ

મ્યાનમારનું પાટનગર બર્મા કે જે રંગુન તરીકે ઓળખાતું તેવા શહેરમાં ૧૯૫૬ની ૨જી ઓગસ્ટે જૈન વણિક પરીવારમાં રમણીકલાલના ઘરે સાત પુત્રો અને ચાર પુત્રીઓમાં સૌથી લાડલા 'વિજ'નો જન્મ થયો. પિતા મોટા સામાજિક કાર્યકર એટલે સમાજ સેવા લોહીમાં ભળી હતી. જન્મ બાદ સીધા જ રાજકોટ આવ્યા અને શહેરની પ્રદ્યુમન શાળામાં પ્રાથમિક અને વિરાણી હાઈસ્કૂલમાં માધ્યમિક અભ્યાસ પૂરો કર્યો. શહેરની ઐતિહાસિક ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં ગ્રેજ્યુએશન કર્યુ અને આજ સમયમાં સ્ટુડન્ટ એક્ટિવિસ્ટ તરીકે કાર્યરત રહ્યા. અભ્યાસ દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદના જનરલ સેક્રેટરી તરીકે નિમણૂક થઇ અને રાજકીય ગ્રાફ તે દિવસથી ઉંચો થતો ગયો.




૧૯૭૬માં દેશમાં કટોકટી જાહેર થઈ. આ યુવાન વિજયના જીવનનો ટર્નિંગ પોઈન્ટ. લોકશાહીને બચાવવા રાજકોટના રસ્તાઓ ઉપર ઉતર્યા. સ્વ. અરવિંદભાઈ મણિયાર, વજુભાઈ વાળા, જ્યોતિન્દ્ર મહેતા અને તેમના જ મોટાભાઈ પ્રવિણ રૂપાણી સહિત અસંખ્ય કાર્યકરોની ધરપકડ કરાઈ. વિજયે એક બે માસ નહિં પણ પૂરા એક વર્ષ સુધી જેલવાસ ભોગવ્યો. ૨૪ વર્ષની વયથી ભાજપના સક્રિય કાર્યકર તરીકે પક્ષમાં કામ શરૂ કર્યુ. ૧૯૮૭માં ૩૧ વર્ષની વયે રાજકોટના કોર્પોરેટર પદે ચૂંટાયા, સ્થાનિક રાજકારણમાં તેમની પકડ મજબુત બની એટલે બે ટર્મ સુધી સ્ટે. કમિટીના ચેરમેન રહ્યા અને બાદમાં મેયર તરીકે પણ જવાબદારી સંભાળી હતી.

રાજકીય જવાબદારી ઉપરાંત સમાજ સેવા પણ બખૂબી નિભાવી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટની સ્થાપના કરી અને તેના થકી ગરીબ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ તેમજ અનેક સેવા પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સ્થાનિક બાદ રાજ્યકક્ષાએ પણ તેમની કુનેહની ચર્ચા થઈ એટલે કે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં અધ્યક્ષ તરીકે ચૂંટાયા. ૨૦૦૬માં ટુરીઝમ વિભાગના ચેરમેન તરીકે પણ કામગીરી બજાવી હતી. ૨૦૦૬માં રાજ્યસભાના સાંસદ તરીકે વરણી થતા ૨૦૧૨ સુધી કેન્દ્ર સરકારની વોટર રીસોર્સ કમિટી, પેપર લેડ ઓન ટેબલ કમિટી, ફૂડ કસ્ટમ અફેર્સ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન વગેરે જેવી જુદી જુદી કમિટીઓમાં સભ્ય તરીકે કાર્ય કર્યુ. ૨૦૧૩માં મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના ચેરમેન તરીકે વરણી થતા ૧૫૯ પાલિકાઓને વિકાસની દિશા આપી. ૨૦૧૪નું વર્ષ તેમના માટે વધુ અગત્યનું બની રહ્યું. વજુભાઈ વાળાની નિમણૂક રાજ્યપાલ તરીકે થતા સીટ ખાલી પડી. આ સીટ પર પાર્ટીને વિજય રૂપાણીની જ દાવેદારી મજબુત દેખાઈ અને ચૂંટણીના પરીણામમાં વિજય રૂપાણીની જીત સાથે તે સાબિત પણ થયું. ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ કેબીનેટ મંત્રી તરીકે વાહન વ્યવહાર, પાણી પુરવઠા ખાતા અને શ્રમ અને રોજગારનો હવાલો હાથમાં લીધો. એક વર્ષ બાદ ફરી પાર્ટીએ રાજ્યના પ્રદેશ પ્રમુખ તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપી જેના એક વર્ષ બાદ આજે શ્રી રૂપાણીની મુખ્યમંત્રી તરીકે પસંદગી થઈ છે.

### વિજય રૂપાણી પ્રોફાઈલ

| | | |
|---|---|---|
| નામ | : | શ્રી વિજયકુમાર રમણીકલાલ રૂપાણી |
| જન્મ તારીખ | : | ૨ ઓગસ્ટ ૧૯૫૬ (ઉ. વ. ૬૦) |
| જન્મસ્થળ | : | રંગુન (બર્મા, મ્યાનમાર) |
| અભ્યાસ | : | બી.એ., એલ.એલ.બી. (સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ) |
| લગ્ન | : | ૩ ડિસેમ્બર ૧૯૮૦ |
| પત્ની | : | અંજલીબેન રૂપાણી |
| સંતાન | : | એક પુત્ર, એક પુત્રી |

### મુખ્યમંત્રી આપનાર રાજકોટ રાજકારણનું એપી સેન્ટર

શ્રી વિજય રૂપાણી મુખ્યમંત્રી તરીકે જાહેર થયા છે. સંજોગોવસાત હવે રાજકોટ એવું શહેર બની ગયું છે જે એકી સાથે મુખ્યપ્રધાન અને પ્રધાનમંત્રી સાથે સંકળાયેલ છે. કારણ કે નરેન્દ્ર મોદીએ પણ રાજકોટની સીટ પર જીત હાંસલ કરી મુખ્યમંત્રી પદ મેળવ્યું હતું. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ વિસાવદર ધારાસભાની સીટ પરથી ચૂંટાયા હતા પણ તેમનું નિવાસસ્થાન રાજકોટ જ છે અને હજુ પણ તેઓ રાજકોટમાં રહે છે. હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૨માં રાજકોટ મત વિસ્તારમાંથી

ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું અને જીત હાંસલ કરી મુખ્યમંત્રી બન્યા હતા. આજે એ જ સીટ પરથી ચૂંટાયેલા ધારાસભ્ય વિજય રૂપાણીની તાજપોશી રાજયના મુખ્યમંત્રી તરીકે કરાઈ છે. રાજકોટ રાજકારણનું એપી સેન્ટર બની ગયું છે. રાજકોટ હાલનું એકમાત્ર એવું શહેર છે જેની એક જ સીટ પરથી ભૂતકાળમાં ચૂંટાયેલા એક ઉમેદવાર અત્યારે વડાપ્રધાન તો હાલમાં ચૂંટાયેલા એક ઉમેદવાર મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળશે. ઉપરાંત તે બંનેના જ કાર્યકાળમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીનું નિવાસસ્થાન ધરાવતું શહેર રાજકોટ છે.

**રૂપાણી 'નાના કાકા' તરીકે લોકપ્રિય**

વિજય રૂપાણીને રાજકોટના યુવા કાર્યકર 'નાના કાકા' તરીકે ઓળખે છે. એની પાછળની કહાની જાણવા જેવી છે. ગુજરાતમાં જનસંઘનો પાયો નાખનાર મુખ્ય શિલ્પી રાજકોટના સ્વ. ચીમનભાઈ શુક્લ હતા. તેમને યુવા કાર્યકરો ચીમનકાકાના નામે ઓળખતા હતા. આરએસએસ અને જનસંઘના પાયાના પથ્થર એવા રાજકોટના સ્વ. અરવિંદભાઈ મણિયાર પણ યુવા કાર્યકરોમાં અરવિંદકાકાના નામે ઓળખાતા હતા. અરવિંદભાઈનું અકાળે અવસાન થતાં તેમના લઘુબંધુ પ્રવીણભાઈ મણિયાર કાર્યકરોમાં પ્રવીણકાકાના નામે ઓળખાતા હતા. એમાં વિજય રૂપાણીનો રાજકીય ઉછેર અરવિંદભાઈ મણિયાર અને પ્રવીણભાઈ મણિયારની છાવણીમાં થયો હતો. નરેન્દ્ર મોદી ૨૦૦૧માં રાજકોટમાંથી ધારાસભાની ચૂંટણી લડ્યા ત્યારે રૂપાણી ટીમને કામે લગાડી નરેન્દ્ર મોદીના વિજયમાં મોટો ભાગ ભજવ્યો ત્યારથી વિજય રૂપાણીનું કદ વધી ગયું ને કાર્યકરોમાં તેઓ 'નાના કાકા' તરીકે લોકપ્રિય થયા.

## નીતિન પટેલ ગુજરાતના ત્રીજા નાયબ મુખ્યમંત્રી બનશે



ગુજરાતમાં કેબિનેટ મંત્રી તરીકે ૨૦ વર્ષનો દીર્ઘ અનુભવ ધરાવતા ૬૦ વર્ષીય નીતિનકુમાર રતિલાલ પટેલ ગુજરાતના ત્રીજા નાયબ મુખ્યમંત્રી બનશે. આ અગાઉ ૧૯૯૪માં છબીલદાસ મહેતાની કોંગ્રેસના ટેકાવાળી જનતાદળની સરકારમાં કોંગ્રેસ તરફથી સી. ડી. પટેલ અને જનતા દળ વતી નરહરિ અમીન નાયબ મુખ્યમંત્રી બન્યા હતા.

સને ૧૯૯૦માં પહેલી વાર ગુજરાત વિધાનસભામાં કડી બેઠક ઉપરથી ચૂંટાઈ આવેલા નીતિન પટેલ ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીમાં તથા ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં મહેસાણા બેઠકના ઉમેદવાર તરીકે હાર્યા છે, બાકી ૧૯૯૫થી ભાજપની દરેક સરકારોમાં તેઓ કેબિનેટ મંત્રી પદ ધરાવે છે.

એમણે આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કૃષિ, નર્મદા - જળસંપત્તિ - પાણી પુરવઠો, નાણાં, મહેસૂલ, શહેરી વિકાસ, માર્ગ અને મકાન જેવા વિવિધ વિભાગો સંભાળેલા છે.

# અર્થશાસ્ત્ર

- **ત્રીજો ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્જીસ્ઈ એક્સ્પો આજથી**

દિલ્હીના પ્રગતિ મેદાનમાં ત્રીજો ઈન્ડિયા ઈન્ટરનેશનલ એમએસએમઈ એક્સ્પો અને સમિટ શરૂ થઈ રહ્યો છે.

- **આસામ જી.એસ.ટી.નો અમલ કરનાર સૌપ્રથમ રાજ્ય**

મોદી સરકારે મહામહેનતે રાજ્યસભા અને લોકસભામાં જીએસટી બીલ પસાર કરાવ્યા બાદ શુક્રવારે આ બીલ પાસ કરવામાં આસામ દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું છે. આસામની સૌપ્રથમ ભાજપ સરકારે વિધાનસભામાં સર્વાનુમતે આ બિલ પસાર કરાવવામાં કોંગ્રેસ અને એઆઈયુડીએફના ધારાસભ્યોને મનાવી લીધા હતા. આમ, આસામ વિધાનસભામાં સર્વાનુમતે સુધારા સાથે જીસટી પરનું બંધારણીય સુધારા બીલ પસાર થઈ ગયું હતું.

- **વિશ્વના ૧૦ ધનિક દેશમાં ભારત ૭મા ક્રમે**

વિશ્વના ૧૦ સૌથી ધનિક દેશોની યાદીમાં ભારત ૭મા ક્રમે આવ્યું છે. સૌથી શ્રીમંત દેશોની યાદીમાં ભારતે કેનેડા (૮મો ક્રમ) અને ઓસ્ટ્રેલિયા (૯મો ક્રમ) ઉપરાંત ઈટાલી (૧૦મો ક્રમ)ને પછાડી ૭મો ક્રમ મેળવ્યો છે. ન્યુ વર્લ્ડ વેલ્થ દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર આ યાદીમાં પ્રથમ ક્રમે અમેરિકા અને બીજા ક્રમે ચીન છે. આ રિપોર્ટમાં દેશની અમીરી ત્યાંનાં લોકોની સંપત્તિના આધારે કરવામાં આવી છે.

'ન્યુ વર્લ્ડ વેલ્થ'ના રિપોર્ટ અનુસાર ભારતની વ્યક્તિગત સંપત્તિ ૫૬૦૦ અબજ ડોલર (રૂ. ૭૫ લાખ અબજ રૂપિયા) છે.

**સંપત્તિમાં શું ગણવામાં આવે છે**

રિપોર્ટમાં કુલ સંપત્તિને આધાર બનાવવામાં આવ્યો છે. જેમાં તેની સંપત્તિ, રોકડ, ઈક્વિટી (શેર) અને બિઝનેસનો સમાવેશ થાય છે. સરકારી ભંડોળને ગણતરીમાંથી બહાર રાખવામાં આવ્યું છે.

- **જુદા જુદા ક્ષેત્રના તાપમાન પ્રમાણે એસીને રેટિંગ મળશે**

જુદા જુદા ક્ષેત્રોના તાપમાન પ્રમાણે એર કંડિશનરને બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી રેટિંગ આપશે. તેના માટે નવી રેટિંગ પદ્ધતિ ઈન્ડિયન સિઝનલ એનર્જી એફિશિયન્સી રેશિયો વિકસાવાયો. તેમાં એસીના પ્રદર્શનના આધારે ઊર્જા બચતનું આંકલન કરાશે.

- **જી.એસ.ટી. બિલ નિર્વિરોધ પસાર**

૧૯૫૪માં જીએસટી લાગુ કરનાર ફ્રાન્સ દુનિયાનો પહેલો દેશ બન્યો હતો. મોટા ભાગના દેશોમાં રાજ્ય અને કેન્દ્રનો જીએસટી એક જ છે. ભારતની જેમ બ્રાઝિલ અને કેનેડામાં ડ્યૂઅલ સિસ્ટમ લાગુ કરાઈ છે.

**જીએસટી શું છે ?**

જીએસટી એ વસ્તુઓ અને સેવાઓ પર લેવાતો ટેક્સ છે

આખા દેશમાં તેનો એક સમાન દર લાગુ પડશે. લોકોને અલગ દરોમાંથી મુક્તિ મળશે. રાજ્યોને ટેક્સમાં હિસ્સો મળશે. શરૂઆતનાં વર્ષોમાં રાજ્યોને છૂટ મળશે. કરવેરાની વસુલાતમાં સરળતા થશે. દેશના જીડીપીમાં વધારો કરી શકાશે. બિઝનેસ - કારોબારમાં સરળતા રહેશે. દેશમાં આર્થિક સુધારા માટે આઝાદી પછી સૌથી મોટો ટેક્સ સુધારો. યુપીએ સરકારનો સૌથી મોટો જરૂરી એજન્ડા હતો.

**બિલમાંથી કઈ સેવાઓ અને ગુડ્ઝ બાકાત ?**

જીએસટી બિલમાંથી પેટ્રોલ, ડીઝલ, દારૂ અને તમાકુને બાકાત રાખવામાં આવેલ છે. આ ઉપરાંત વીજળી, રિયલ એસ્ટેટને પણ બાકાત રખાયેલ છે. આમ આ સેક્ટરને લગતી ચીજો પર રાજ્યો તેમની રીતે ટેક્સ વસૂલી શકશે, જોકે નિષ્ણાતોનું માનવું છે કે સમય જતાં આ ગુડ્ઝ અને સર્વિસિસને જીએસટીમાં આવરી લેવાશે.

**આ ચીજો સસ્તી થશે**

ઓટો સેક્ટરમાં એન્ટ્રી લેવલ કારની કિંમત તેમજ ટુ વ્હિલર્સ અને એસયુવીની કિંમત ઘટશે. કારની બેટરીઓ સસ્તી થશે. પેઈન્ટ અને સિમેન્ટના ભાવ ઘટશે. ઈલેક્ટ્રોનિક્સ ચીજોના ભાવ ઘટશે. જેમાં પંખા, લાઈટિંગ, વૉટરહીટર્સ, એરકૂલર્સ સસ્તાં થશે.

**શું મોંઘું થશે**

સિગારેટના ભાવ વધશે. કારણ કે તમાકુ માટે જીએસટીના દર હાલની ડ્યૂટી કરતાં ઊંચા છે. મોબાઈલ ફોન - કૉલ્સ મોંઘા થશે, કારણ કે સર્વિસ ટેક્સ વધશે. ટેક્સસ્ટાઈલ અને બ્રાન્ડેડ જ્વેલરી મોંઘી થશે.

**જીએસટીથી શું ફાયદો થશે ?**

જીએસટી એવો ટેક્સ છે જે અલગ અલગ પાસા પર લાગુ ન થતાં ડેસ્ટિનેશન પોઈન્ટ પર જ લાગુ થાય છે. હાલની સ્થિતિમાં કોઈ સામાન પર ફેક્ટરીથી નીકળતી વખતે જ ટેક્સ લાગુ થાય છે અને પછી રીટેલ પોઈન્ટર પર પણ અને જ્યાં વેચાય

ASTHA ACADEMY Mo.: 8980...

છે ત્યાં પણ ટેક્સ લાગુ કરવામાં આવે છે. જાણકારોના મતે ટેક્શેસનના આ નવા સિસ્ટમના કારણે ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે અને પારદર્શિતા આવશે.

**સરકારને ફાયદો :**

જીએસટી દ્વારા ટેક્સ સ્ટ્રક્ચર સરળ થઈ જશે અને ટેક્સ બેઝ વધશે. તેના કાર્યક્ષેત્રમાંથી ઘણા ઓછા માલ-સામાન અને સેવાઓ બચી શકશે. એક અંદાજ પ્રમાણે જીએસટી લાગુ થવાથી એક્સપોર્ટ, રોજગાર અને આર્થિક વિકાસમાં જે વધારો થશે તેનાથી દેશને વર્ષે અબજો રૂપિયાની આવક થશે.

**કંપનીઓને ફાયદો :**

જીએસટીના દર ઓછા હોવાથી તેની ખપતમાં વધારો થશે. તેના દ્વારા કંપનીઓના નફામાં પણ વધારો થશે. તે ઉપરાંત કંપનીઓ પર ટેક્સની સરેરાશનો ભાર પણ ઓછો થશે. ટેક્સ માત્ર વેચાણના પોઈન્ટ પર લાગુ થવાથી પ્રોડકશન કોસ્ટમાં ઘટાડો થશે. તેનાથી એક્સપોર્ટ માર્કેટમાં કંપનીઓની પ્રતિસ્પર્ધાની ક્ષમતામાં વધારો થશે.

**... તો આવું પણ થશે**

જીએસટી લાગુ થવાથી ઈકોનોમિક ગ્રોથમાં ૦.૯ થી ૧.૭ ટકા સુધી વધારો થશે.

એક્સપોર્ટમાં ૩.૨ થી ૬.૩ ટકા સુધી વધારો થઈ શકે છે.

ઈમ્પોર્ટમાં ૨.૪ થી ૪.૭ ટકા સુધીનો વધારો થઈ શકેછે.

**જીએસટીનું મોડલ**

ભારતમાં જીએસટી સિસ્ટમ ડ્યૂઅલ હશે. તેમાં કોઈપણ માલસામાનની ટેક્સેબલ વેલ્યુ પર સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ તથા સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ થશે.તે ઉપરાંત તેમાં સેવાઓ અને સામાન માટે ટેક્સ સ્લેબના આધારે કોઈ ફેરફાર કરવામાં નહીં આવે.

**જીએસટીની સાથે સાથે...**

- ૨૦૦૦ : વાજપેયી સરકારે પહેલી વખત સમિતિ રચી.
- ૨૦૦૪: કેલકર ટાસ્કફોર્સે જીએસટીનો અનુરોધ કર્યો.
- ૨૦૦૬ : ચિદમ્બરમે એપ્રિલ ૨૦૧૦માં તેને અમલમાં મૂકવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.
- કેન્દ્ર અને રાજ્યોની ટેક્સની આવકામાં ભાગીદારીનો અભિગમ રજૂ કરાયો.
- ૨૦૧૦ : પ્રણવ મુખરજીએ એપ્રિલ ૨૦૧૧માં તેનો અમલ કરવાની જાહેરાત કરી હતી.
-જોકે યુપીએ સરકારે ટેક્સ સુધારા લાગુ કરવામાં નિષ્ફળ રહી.
- ૨૦૧૧ : ૧૧૫મો બંધારણીય સુધારા ખરડો રજૂ કરાયો.
- ખરડો સ્ટેન્ડિંગ કમિટીને મોકલાયો.
- ૨૦૧૩ : સંસદમાં સ્ટેન્ડિંગ કમિટીનો રિપોર્ટ રજૂ કરાયો.
- યુપીએ સરકાર ફરી બિલ પાસ કરાવવામાં નિષ્ફળ.
- ગુજરાત સહિત ભાજપનાં રાજ્યોનો વિરોધ
- ૨૦૧૪ : સત્તામાં આવ્યા પછી ભાજપે જોર લગાવ્યું.
- ૧૨૨મો બંધારણીય સુધારો રજૂ કરાયો.
- કોંગ્રેસની સ્ટેન્ડિંગ કમિટીમાં મોકલવાની માંગ
- ૨૦૧૫ : જેટલી દ્વારા એપ્રિલ ૨૦૧૬થી અમલની જાહેરાત

રાજ્યસભામાં પસાર થયા પછી જીએસ.ટી.ને આ પાંચ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે

રાષ્ટ્રપતિની મંજૂરી : રાજ્યસભામાં ખરડો પસાર થયા પછી તેને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવશે. રાષ્ટ્રપતિ તે પછી ખરડો લોકસભામાં મોકલશે.

લોકસભા : ખરડો રાજ્યસભામાં પસારથયા પછી થયેલા સુધારાને સામેલ કરીને ખરડો રાષ્ટ્રપતિને મોકલવામાં આવશે, તે પછી સુધારા સાથેનું વિધેયક ફરી લોકસભામાં આવશે. લોકસભામાં પણ સુધારા ખરડાને પસાર કરાવવા બે તૃતિયાંશ બહુમતીની આવશ્યક્તા રહેશે.

રાજ્ય : બંને ગૃહોમાં ખરડો પસાર થયા પછી તેની નકલ તૈયાર થશે. રાષ્ટ્રપતિ તેને પણ તમામ રાજ્યોની વિધાનસભાને મોકલશે. વિધાનસભાઓમાં ખરડો પસાર થયા પછી ખરડો દેશભરમાં અમલી બનાવી શકાશે. ૫૦ ટકા રાજ્યોની સહમતી હશે તો સમગ્ર દેશમાં ખરડો અમલી બનાવી શકાશે. અર્થાત્ ૧૫ રાજ્યોની વિધાનસભામાં ખરડાને બે તૃતિયાંશ બહુમતીથી પસાર કરાવવો પડશે.

રાજપત્ર : ૫૦ ટકા રાજ્યોની સહમતી પછી ખરડો ફરી રાષ્ટ્રપતિ સમક્ષ આવશે. રાષ્ટ્રપતિની મંજૂરી પછી રાજ્યપત્રમાં તે જાહેર થશે. બંધારણ સુધારાખરડો હોવાથી બંધારણમાં સુધારો કરીને ખરડાની મૂળ નકલ ફરી તૈયાર કરવાની રહેશે. તે મૂળ નકલને ફરી રાજ્યસભા અને લોકસભા સમક્ષ રજૂ કરવી પડશે.

**પુનઃ સંસદમાં રજૂ થયો :**

તમામ પ્રક્રિયા પૂરી થયા પછી સરકાર મૂળ જીએસટી બિલને ફરી સંસદમાં રજૂ કરશે. તે લગભગ શિયાળુ સત્રમાં સંભવ બનશે. સરકાર ૧ એપ્રિલ ૨૦૧૭થી જીએસટીનો અમલ કરવાની નેમ ધરાવે છે. તે હેતુસર ભારે જહેમત કરવી પડશે. જોકે જાણકારોનું કહેવું છે કે ૧ એપ્રિલ ૨૦૧૭ પહેલાં આ તમામ પ્રક્રિયા પૂરી કરવી મુશ્કેલ છે.

વિરોધ પક્ષ આ સુધારા પછી રાજી થયો

**(૧) એક ટકા વધારાનો વેરો :**

જીએસટીમાં ઉલ્લેખિત રાજ્યોમાંથી એક ટકા વધારાના વેરાની જોગવાઈ દૂર કરવામાં આવી છે. સુધારેલા ખરડામાં એક ટકા વધારાના વેરાની જોગવાઈ દૂર કરવા સાથે રાજ્યોને પાંચ વર્ષ સુધી થનારા કોઈપણ વેરાકીય નુકસાનની ભરપાઈ કરવા કેન્દ્રે ખાતરી આપી છે.

**(૨) જીએસટી કાઉન્સિલની રચના :**

કેન્દ્ર સરકારે વિરોધ પક્ષના આગ્રહને વશ થઈને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સર્જાનારા મતભેદોનાં નિવારણ માટે જીએસટી કાઉન્સિલની રચના કરવાનું નક્કી કર્યું છે. કાઉન્સિલમાં વિવાદોના નિકાલ માટે કેન્દ્ર અને રાજ્ય એમ બંનેના પ્રતિનિધિ હશે.

**(૩) રાજ્યોને અધિકાર :**

કેન્દ્ર સરકાર જો સમગ્ર દેશમાં જીએસટી અમલી બનાવશે તે પછી રાજ્યોને નુકસાન થશે તો તેની ભરપાઈ કેન્દ્ર કરી આપશે. ઉપરાંત એક મહત્ત્વનો ફેરફાર કરતાં ખાસ કટોકટીના સંજોગોમાં રાજ્યોને વેરાકીય દર વધારવાની છૂટછાટ આપવા નક્કી થયું છે, તે ઉપરાંત પાંચ પેટ્રોલિયમ અનેશરાબ પર જીએસટી નહીં લાગે. રાજ્ય સરકાર પોતાની સુવિધા પ્રમાણે તેના પર વેરો લેવા સ્વતંત્ર રહેશે.

- **રેલવે બજેટ ૨૦૧૭થી અલગ રજૂ નહીં થાય, દરખાસ્તનો નાણા મંત્રાલય દ્વારા સ્વીકાર**

આગામી નાણાકીય વર્ષથી રેલવે બજેટ અલગથીરજૂ નહીં થાય. રેલવે બજેટને સામાન્ય બજેટ સાથે જ રજૂ કરવાની દરખાસ્તનો નાણા મંત્રાલયે સ્વીકાર કરી લેતાં વર્ષ ૧૯૨૪થી અલગથી રેલવે બજેટ રજૂ કરવાની પરંપરાનો અંત આવશે.

સરકારના સાધનોએ જણાવ્યા મુજબ નાણા મંત્રાલયે રેલવે મંત્રી દ્વારા આપવામાં આવતા બજેટ વક્તવ્યની પરંપરાના અંત માટેની કાર્યપદ્ધતિ નક્કી કરવા માટે પાંચ સભ્યોની સમિતિની રચના કરી છે.

## એવોર્ડ / સન્માન

- **ગજાનંદ મસાલાને ૨૦૧૬નો પ્રતિષ્ઠિત એવોર્ડ**

ગજાનંદ ફૂડ્સ પ્રા. લિ.ને રાષ્ટ્રસ્તરે પ્રતિષ્ઠિત સંસ્થા એસોચેમ ઈન્ડિયા તરફથી એફએડી ૨૦૧૬નો બેસ્ટ હાઈજિન સોલ્યુશન ઓફ ધ યર ૨૦૧૬નો એવૉર્ડ એનાયત થયો છે. આ એવૉર્ડ કેન્દ્રિય ફૂડ પ્રોસેસિંગ મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ તથા કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી પુરુષોત્તમ રૂપાલાના હસ્તે, ગજાનંદના ચેરમેન જયેશભાઈ પટેલ અને મેનેજિંગ ડિરેક્ટર સમીરભાઈ પટેલને આપવામાં આવ્યો હતો.

- **વડાપ્રધાનના સૂટને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન**

નરેન્દ્ર મોદીના નામ લખેલા મોનોગ્રામ સૂટે હરાજીમાં સૌથી ઊંચી કિંમતે વેચાયેલા કપડાંની શ્રેણી હેઠળ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું છે. નરેન્દ્ર મોદીએ આ સૂટ બરાક ઓબામા ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે પહેર્યો હતો. મોદીએ પહેરેલા આ સૂટને હરાજીમાં સુરતના લાલજીભાઈ તુલસીભાઈ પટેલે રૂ. ૪.૩૧ કરોડની કિંમતમાં ખરીદ્યો હતો. આ આખા સૂટમાં નરેન્દ્ર દામોદરદાસ મોદી લખવામાં આવ્યું હતું.

- **વાયુસેના મેડલ વીરતા પુરસ્કાર અભિષેક સિંહ તનવરને**

સ્કોવડ્રોન લીડર અભિષેક સિંહ તનવર સુખોઈના પાઈલટ હતા. ૬ જાન્યુારી ૨૦૧૬ના રોજ તેમણે ખીણ પર ઉડ્ડયન કર્યું પણ તુરંત જ તેમને બહુવિધ ખામી નજરે પડી. વિમાનના ડાબા એન્જિનમાં પણ આગ લાગેલી અને સંયમ સાથે તેમણે બૂઝાવી. ધીરજ અને સંયમ સાથે તેમણે સુરક્ષિત ઉત્તરાયણ કર્યું હતું. વીરતાનો પરિચય આપ્યો હતો. સ્કોવડ્રોન લીડર અભિષેક તનવરે અપ્રતિમ સાહસ દર્શાવી કેટેગરી-૧ના અકસ્માતને ટાળ્યો હતો. તેમના આ સાહસિક કૃત્ય બદલ તેમનું વાયુસેના મેડલ-વીરતા પુરસ્કાર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

- **જાણીતા શાસ્ત્રીય ગાયિકા શુભલક્ષ્મીનું સ્વાતંત્ર્ય દિવસે યુએનમાં સન્માન કરાશે**

કર્ણાટકી સંગીતની જાણીતી શાસ્ત્રીય ગાયીકા એમ. એસ. શુભલક્ષ્મીનું આગામી સપ્તાહે ભારતના ૭૦માં સ્વાતંત્ર દિવસે યુનાઈટેડ નેશન્સ (યુએન) દ્વારા સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે વિશ્વ સંસ્થાની સામાન્ય સભામાં ઓસ્કાર વિજેતા એ. આર. રહેમાન સંગીત પીરસશે. આમ આ વિશ્વ સંસ્થામાં સંગીતનો કાર્યક્રમ આપનાર તેઓ બીજા ભારતીય બનશે.

# સ્પોર્ટ્સ

- **૩૦૬ ગોલ્ડ માટે ૨૦૫ દેશના ૧૧૦૦૦ ખેલાડી મેદાનમાં ઉતરશે**

ઓલિમ્પિક શરૂ. ૧૭ દિવસ ચાલશે. પરેડમાં ભારત ૯૫માં નંબરે, બિન્દ્રા તિરંગો પકડશે.

અહીં રહેશે આપણી નજર : ૧૧૯ ખેલાડી, ૧૫ ગેમમાં ભાગ લેશે. ભારતની અત્યાર સુધીની સૌથી મોટી ટીમ. લંડન ગેમ્સ (૨૦૧૨)માં ૮૩ ખેલાડી હતા. ૫૬ મહિલા ખેલાડી સામેલ છે આ વખતે ભારતીય ટીમમાં પાંચ મેડલની દાવેદાર.

- **પ્રથમ ગોલ્ડ અમેરિકાની શૂટર થ્રેશરના નામે**

અમેરિકાની શૂટર વર્જિનિયા થ્રેશરે ધમાકેદાર પ્રદર્શન કરીને રિયો ઓલિમ્પિક ૨૦૧૬નો પ્રથમ ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો. વર્જિનિયાએ વિમેન્સ શૂટિંગની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં ઓલિમ્પિકનો રેકોર્ડ નોંધાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૧૯ વર્ષીય વર્જિનિયાએ ચાઈનીઝ શૂટર્સને સ્તબ્ધ કરીને શૂટિંગ રેન્જ પર બાજી મારી હતી.

- **૪૦૦ મીટરમાં હંગેરીની હોસઝુનો વર્લ્ડ રેકોર્ડ**

ઓસ્ટ્રેલિયાની વિમેન્સ રિલે ટીમે વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો

હંગેરીની કેટિન્કા હોસઝુએ રિયો ઓલિમ્પિકની સ્વિમિંગની વિમેન્સ ૪૦૦ મીટર વ્યક્તિગત મિડલે ઈવેન્ટમાં નવો વર્લ્ડ રેકોર્ડ નોધાયો હતો. ૨૭ વર્ષીય હંગેરિયન સ્વિમરે ચાર મિનિટ ૨૬.૩૬ સેકન્ડમાં રેસ પૂરી પાડી હતી. તેણે ૨૦૧૨ની લંડન ઓલિમ્પિકમાં ચીનની યી શિવેને નોંધાવેલા ૩૮.૪૩ સેકન્ડના રેકોર્ડને તોડી નાખ્યો હતો.

- **ફેલ્પ્સે ઐતિહાસિક ૧૯મો ગોલ્ડ જીત્યો**

'વોટર કિંગ'ના હુલામણા નામથી જાણીતા અમેરિકાના માઈકલ ફેલ્પ્સે સ્વિમિંગ પુલમાં પોતાનો દબદબો જાળવી રાખીને રિયો ઓલિમ્પિક્સની મેન્સ ચાર બાય ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ રીલે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો અને આ તેની કારકિર્દીનો ઐતિહાસિક ૧૯મો ગોલ્ડ મેડલ હતો, પોતાની પાંચમી ઓલિમ્પિકમાં ભાગ લેનાર ૩૧ વર્ષીય ફેલ્પ્સે અમેરિકાને રિલો ટીમનો ગોલ્ડ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. ઓલિમ્પિકમાં આ તેનો કુલ ૨૩મો મેડલ છે.

- **એથ્લેટ્સ કપિંગ થેરપીના સહારે**

માઈકલ ફેલ્પ્સ સહિત કેટલાક સ્વિમર્સની સ્વિમિંગ પૂરી દુનિયા નિહાળી રહી હતી ત્યારે પોતાની ઈવેન્ટ પૂરી કરીને જ્યારે અમેરિકન સ્વિમર પૂલની બહાર નીકળી રહ્યો હતો ત્યારે તેના શરીર પર કેટલાક નિશાન દેખાયા હતા. આ નિશાન તેના ખભા તથા પીઠ ઉપર હતા. હકીકતમાં આ નિશાન કપિંગ થેરાપીના હતા. આ થેરપીનો ઉપયોગ એથ્લેટ્સ પોતાના મસલ્સ ઢીલા કરવા માટે કરે છે. ટીમ ઈવેન્ટ પહેલાં ફેલ્પ્સે આ થેરાપીનું સેશન લીધું હતું.

કપિંગ થેરપી શું છે

આ ચાઈનીઝ ટેકનિક છે. તેમાં કાચના કપને પહેલાં ગરમ કરવામાં આવે છે અને પછીથી એથ્લેટના પીઠના તથા ખભાના ભાગ ઉપર મૂકવામાં આવે છે. તેનાથી શરીરને આરામ મળે છે અને દુઃખાવો પણ દુર થઈ જાય છે. લોહીનું ભ્રમણ પણ વધે છે.

જિમ્નાસ્ટ ટીમ પણ આ થેરપી લે છે : અમેરિકાની જિમ્નાસ્ટિક ટીમ પણ આ કપિંગ થેરપીનો સહારો લે છે. અમેરિકામાં આ થેરપી ઘણી પ્રચલિત છે. અમેરિકન નેશનલ ફૂટબોલ ટીમ ડેનવર બ્રોન્કોસના ઘણા ખેલાડીઓ પણ હિલિંગ થેરપીની મદદ લે છે.

ત્રણ હજાર વર્ષ પહેલાં શરૂઆત

કપિંગની શરૂઆત ચીનમાં લગભગ ત્રણ હજાર વર્ષ પહેલાં થઈ હતી. આ એક્યુપંચરની જૂની પદ્ધતિનો જ એક પ્રકાર છે. કપિંગ થેરપીમાં જ્વલનશીલ પદાર્થને કાચના કપમાં સળગાવવામાં આવે છે. કપમાં તાપમાન ઓછું થવાના કારણે તે ચામડી સાથે ચોંટી જાય છે. આ થેરપી ગ્રીસ, મધ્ય તથા પૂર્વ અને વિશ્વના અન્ય ભાગોમાં લોકપ્રિય બની રહી છે.

- **દીકરીને સ્વરક્ષણ શીખવતાં માતા ગોલ્ડ મેડલ જીતી વર્લ્ડ ચેમ્પિયન**

અમિતા મરવાહા, ઉંમર ૪૦ વર્ષ, એક એવી માતા કે જે પોતાની દીકરીઓને આત્મરક્ષણની તાલીમ આપી રહી હતી પણ તે પોતે જ ક્યારે માર્શલ આર્ટની ચેમ્પિયન બની ગઈ તેનો ખ્યાલ જ ન આવ્યો. પોતાનું રક્ષણ જાતે કરવાની જીદમાં આ મા-દીકરી આજે દુનિયાભરના ખેલાડીઓને હરાવીને ભારત માટે ગોલ્ડ મેડલ જીતી લાવ્યાં છે. દક્ષિણ કોરિયામાં આયોજિત વર્લ્ડ યુથ ટેકવોન્ડો ચેમ્પિયનશિપમાં અમિતાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો તો તેની ૧૬ વર્ષની દીકરી હિમાંશીએ સિલ્વર મેડલ જીત્યો છે.

- **કપિલના રેકોર્ડની બરાબરી કરી અશ્વિન ઇલિટ ક્લબમાં**

ભારતના રવિચંદ્ર અશ્વિને વેસ્ટ ઈન્ડિઝ સામે ગ્રોસ

Astha Academy Mo.: 8866...

આઈલેટમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટમાં વિશેષ સિદ્ધિ પોતાના નામે નોંધાવી છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીમાં વખાણવા લાયક પ્રદર્શન કરી રહેલા ભારતીય ઓફ સ્પિનર સ્ટાર ક્રિકેટર રવિચંદ્રન અશ્વિને ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવના રેકોર્ડની બરાબરી કરી ઈલિટ ક્લબમાં સ્થાન મેળવ્યું છે. અશ્વિને બીજા ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં ૧૧૮ રન બનાવી કપિલ દેવના રેકોર્ડની બરાબરી કરી છે. તે એક શ્રેણીમાં બે સદી ફટકારવાની સાથે બે વાર પાંચ વિકેટ લેવાની સિદ્ધિ મેળવનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે. અશ્વિને રિચી બેનો, ટોની ગ્રેગ અને ઈયાન બોથમ સાથેના ગ્રૂપમાં સ્થાન મેળવ્યું છે.

- **'સ્વિમિંગ કિંગ' એક સેકન્ડથી હાર્યો**

આખરે માઈકલ ફેલ્પ્સ હારી ગયો. ૨૨ ગોલ્ડ જીતનાર ૩૧ વર્ષીય ફેલ્પ્સને સિંગાપુરના ૨૧ વર્ષીય જોસેફ સ્કૂલિંગે પરાજય આપ્યો હતો. તેણે માત્ર એક સેકન્ડના અંતરથી વિજય હાંસલ કર્યો હતો. સ્કૂલિંગે ૫૦-૩૯ સેકન્ડના સમય સાથે ગોલ્ડ જીતીને નવો ઓલિમ્પિક રેકોર્ડ નોંધાવ્યો હતો. આ રેકોર્ડ અત્યાર સુધી ફેલ્પ્સના નામે હતો જે તેણે બેઈજિંગ ગેમ્સમાં નોંધાવ્યો હતો.

સ્કૂલિંગ છેલ્લા આઠ વર્ષથી ફેલ્પ્સને પોતાના હીરો તરીકે માની રહ્યો છે. ૨૦૦૮ની બેઈજિંગ ગેમ્સ પહેલા સિંગાપોરમાં સ્કૂલિંગ ફેલ્પ્સને પ્રથમ વખત મળ્યો હતો. તે સમયે ફેલ્પ્સે તેને કહ્યું હતું કે તું એક દિવસ ઘણો આગળ આવીશ.

સ્કૂલિંગે ૧૦૦ મી. (૧૫-૧૬ વય ગ્રૂપ)માં ફેલ્પ્સનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. ૨૦૦ મી. ફ્રી સ્ટાઈલની સેમીફાઈનલમાં તે ડિસક્વોલિફાઈ થઈ ગયો હતો. ત્યારબાદ ફેલ્પ્સે તેને પ્રેરણા આપીને ઉત્સાહ વધાર્યો હતો.

- **બોલ્ટે ૧૨૦ વર્ષનો ઈતિહાસ બદલ્યો**

વિશ્વના સૌથી ફાસ્ટેસ્ટ સ્પિન્ટર જમૈકાના હુસૈન બોલ્ટે વધુ એક વખત ઓલિમ્પિકમાં ઈતિહાસ રચ્યો હતો. તેણે સતત ત્રણ ઓલિમ્પિકમાં ૧૦૦ મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીતવાની 'ગોલ્ડન હેટ્રિક' નોંધાવી હતી. આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો પ્રથમ એથ્લેટ છે. બોલ્ટને સેમીફાઈનલ બાદ માત્ર ૭૧ મિનિટમાં ફરીથી ફાઈનલમાં દોડવું પડ્યું હતું.

- **સાક્ષીની અન્ય કેટલીક સિદ્ધિઓ**

રોહતકની ૨૩ વર્ષીય મહિલા રેસલર સાક્ષીએ રિયોમાં બ્રોન્ઝ મેડલ જીત્યા પહેલાં ૨૦૧૪માં ગ્લાસ્ગો ખાતેની કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેણે ૨૦૧૫ની દોહા એશિયન ગેમ્સમાં બ્રોન્ઝમેડલ હાંસલ કર્યો હતો. ૨૦૧૪માં તેણે વર્લ્ડ રેસલિંગની ૬૦ કિલોગ્રામ મહિલા ફ્રી સ્ટાઈલ કેટેગરીમાં ભારતનું પ્રતિનિધિત્વકર્યું હતું પરંતુ તે નિષ્ફળ રહી હતી.

ઓલિમ્પિક કુસ્તીમાં ભારતના મેડલ વિજેતા

| | |
|---|---|
| ૧૯૫૨ | ખશાબા જાધવ - બ્રોન્ઝ |
| ૨૦૦૮ | સુશીલકુમાર - બ્રોન્ઝ |
| ૨૦૧૨ | સુશીલકુમાર- સિલ્વર |
| ૨૦૧૨ | યોગેશ્વર દત્ત - બ્રોન્ઝ |
| ૨૦૧૬ | સાક્ષી મલિક - બ્રોન્ઝ |

- **સિંધૂ બની ભારતની સિલ્વર ક્વીન**

ભારતની બેડમિન્ટન ખેલાડી પી. વી. સિંધૂ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારી પહેલી ભારતીય મહિલા બની ગઈ છે. શુક્રવારે સિંધૂએ રિયો ઓલિમ્પિકની બેડમિન્ટનની મહિલા સિંગલ્સની ફાઈનલમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો. વર્લ્ડ નં. ૧ ખેલાડી સ્પેનની કેરોલિના મારિને સિંધૂને ૧૯-૨૧, ૨૧-૨૨, ૨૧-૧૫થી પરાજય આપ્યો હતો. સિંધૂ ઓલિમ્પિકમાં બેડમિન્ટનમાં રજતચંદ્રક જીતનારી પહેલી મહિલા ખેલાડી બની ગઈ છે. અગાઉ ભારત માટે મલ્લેશ્વરી, મેરિકોમ, સાઈના અને સાક્ષી મલિક બ્રોન્ઝ જીતી છે. પોતાની પ્રથમ ઓલિમ્પિકમાં રમનાર સિંધૂએ હારવા છતાં દેશવાસીઓના દિલ જીત્યા છે.

- **બોલ્ટનું 'મિશન ઓલિમ્પિક' પૂરું સ્પ્રિન્ટ સ્વીપ સાથે વિદાય લીધી**

વિશ્વના સૌથી ફાસ્ટેસ્ટ સ્પ્રિન્ટર તથા પોતાને દિગ્ગજ ગણાવી ચૂકેલા જમૈકાના યુસેન બોલ્ટે પોતાનું સ્વપ્ન સાકાર કરીને રિયો ઓલિમ્પિકમાં ૪ બાય ૧૦૦ મીટર રિલે રેસમાં પણ ગોલ્ડ મેડલ જીતીને 'સ્પ્રિન્ટ સ્વીપ' કરી લીધી છે. આ સાથે તેણે ટ્રેક એન્ડ ફિલ્ડને પણ અલવિદા કરી હતી. યુસૈન બોલ્ટે રિયો ગેમ્સ પહેલાં જણાવ્યું હતું કે તે પોતાની અંતિમ ઓલિમ્પિકમાં સ્પ્રિન્ટ સ્વીપ કરવા માગે છે અને આ તેનું સ્વપ્ન છે. બોલ્ટે ૧૦૦ તથા ૨૦૦ મીટર બાય ચાર બાય ૧૦૦ મીટર રિલે રેસનો ગોલ્ડ મેડલ પણ પોતાના નામે કરી લીધો હતો. આ ત્રણેય રેમાં બેઈજિંગ તથા લંડન ઓલિમ્પિક બાદ તત ત્રીજી ઓલિમ્પિકમાં ગોલ્ડન હ્ટેરિક છે. રિયોમાં બોલ્ટનો ત્રીજો તથા કારકિર્દીનો નવમો ગોલ્ડ મેડલ છે.

- **૨૦૧૬ કબડ્ડી વર્લ્ડ કપ ગુજરાતની યજમાનીમાં અમદાવાદમાં યોજાશે**

ઈન્ટરનેશનલ કબડ્ડી ફેડરેશને (આઈકેફ) સોમવારે જાહેરાત કરી હતી કે ગુજરાત રાજ્ય ૨૦૧૬ કબડ્ડી વર્લ્ડ કપની યજમાની કરશે, જેની શરૂઆત ૭ ઓક્ટોબરથી થશે. આ વર્લ્ડ કપમાં ૧૨ દેશો ભાગ લેશે. જેમા ભારત ઉપરાંત યુએસ, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, ઈરાન, પોલેન્ડ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, સાઉથ કોરિયા,જાપાન અને કેન્યા ભાગ લેશે.

- **હિંગિસ પાસેથી સાનિયા મિર્ઝાએ ટાઈટલ તથા નં. ૧ રેન્ક છીનવ્યાં**

લાંબા સમય બાદ વિખૂટા પાડીને એકબીજા સામે પોતપોતાના નવા સાથીદારો સામે રમનારી સાનિયાની જોડીએ હિંગિસની જોડીને પરાજય આપ્યો હતો. સાનિયાએ બારોબાર સ્ટ્રાયકોવા સાથે મળીને ભૂતપૂર્વ સાથી ખેલાડી માર્ટિના હિંગિસ તથા કોકો વેન્ડેવેઘેની જોડીને હરાવીને સિનસિનાટી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ ડબલ્સનું ટાઈટલ જીતી લીધું હતું. આ વિજય સાથે સાનિયા વર્લ્ડ રેન્કિંગ ડબલ્સમાં એકલી નંબર-૧ બની ગઈ છે. વિખૂટા પડ્યા બાદ બંને માટે આ પ્રથમ ટૂર્નામેન્ટ છે અને બંને નવી સાથીદાર સાથે રમી હતી.

- **અશ્વિન છઠ્ઠી વખત પ્લેયર ઓફ ધ સિરીઝ, બેટિંગમાં કોહલીએ મેદાન માર્યું**

આઈસીસી રેન્કિંગમાં નંબર-૧ ઓલરાઉન્ડર આર. અશ્વિને ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર તથા વીરેન્દ્ર સેહવાગને પાછળ રાખીને ભારત તરફથી સર્વાધિક છઠ્ઠી વખત પ્લેયર ઓફ ધ સિરીઝનું સન્માન મેળવ્યું હતું. તેણે આ સિદ્ધિ વેસ્ટ ઇન્ડિઝ સામે પૂરી થયેલી ચાર ટેસ્ટની શ્રેણીમાં મેળવી હતી. બીજી તરફ શ્રેણીમાં ભારતીય ટેસ્ટ સુકાની વિરાટ કોહલી એક બેવડી સદી સહિત કુલ ૨૫૧ રન બનાવીને બેટિંગમાં મોખરાના સ્થાને રહ્યો હતો. ભારત અને વેસ્ટ ઈન્ડિઝની શ્રેણી પહેલાં સચિન તેંડુલકર તથા વીરેન્દ્ર સેહવાગ પાંચ - પાંચ વખત પ્લેયર ઓફ ધ સિરીઝ બનવાની સિદ્ધિ મેળવીચૂક્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં શ્રીલંકાના મુરલીધરને સર્વાધિક ૧૧ વખત આ સિદ્ધિ મેળવી હતી.

- **ભારત માટે ધ્વજવાહક બનવાનો ગર્વ : સાક્ષી**

રિયો ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલ વિજેતા સાક્ષી મલિક સ્વદેશ પરત ફરી ત્યારે તેનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. હરિયાણાની સરકારે સાક્ષીને ૨.૫ કરોડ રૂપિયા રોકડા આપવાની સાથે જ બેટી બચાવો પઢાઓની બ્રાન્ડ એમ્બેસેડર પણ બનાવી હતી.

નવી દિલ્હી બાદ બહાદુરગઢમાં સાક્ષીના સન્માનમાં એક ખાસ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જ્યાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે સાક્ષીને અઢી કરોડ રૂપિયાનો ચેક આપ્યો હતો.

રિયોમાં સાક્ષીએ મહિલાઓને ૫૮ કિગ્રા ભાર વર્ગ કુસ્તીમાં રેપચેઝ રાઉન્ડમાં બ્રોન્ઝમેડલ જીત્યો હતો. જે રિયો ઓલિમ્પિકમાં ભારતને મળેલો પ્રથમ મેડલ હતો.

- **૫૨ વર્ષ બાદ ઓલિમ્પિક ફ્લેગ ટોકિયોમાં**

રિયો ઓલિમ્પિકની સફળતા બાદ ઓલિમ્પિક ધ્વજ ટોક્યો પહોંચ્યો હતો. જ્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ટોક્યો ખાતે ૨૦૨૦માં ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરાશે.

૨૦૨૦માં જાપાન રમતોના ઈતિહાસમાં બીજી વખત ઓલિમ્પિકની યજમાની કરશે. આ અગાઉ ૧૯૬૪માં ટોક્યો ખાતે છેલ્લી વખત રમતોનો મહાકુંભ યોજાયો હતો. જાપાનના પ્રધાનમંત્રી શિંજો અબેએ જણાવ્યું હતું કે રિયોમાં મળેલી સફળતા બાદ રમતોની સફળ યજમાની કરવા માટે આપણે તમામે આકરી મહેનત કરવી પડશે.

- **ભારતના આશાસ્પદ એથ્લિટ્સ**

રિયો ઓલિમ્પિકમાં ભારત ૧૫ રમતોમાં ભાગ લેશે. ૧૧૯ ખેલાડી ભારત તરફથી પ્રથમ વખત ભાગ લઈ રહ્યા છે. (૫૫ મહિલા, ૬૪ પુરુષ). ૧૫ મેડલ આ વખતે ભારતને મળે તેવી આશા છે.

**બેડમિન્ટન : સાઈના, પીવી સિંધુ**

સાઈનાએ લંડન ઓલિમ્પિક ૨૦૧૨માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઓસ્ટ્રેલિયન ઓપન સિરીઝ જીતી, સિંધુએ એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**શૂટિંગ : જિતુ રાય**

જિતુ રાયે વર્લ્ડ કપ, કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા, ૫૦ મીટર ઈવેન્ટમાં સતત સારો દેખાવ કર્યો છે અને તેની પાસે ભારતને ગોલ્ડ મેડલની આશા છે.

**કુસ્તી : યોગેશ્વર દત્ત**

લંડન ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતી ભારતનું નામ રોશન કરનાર યોગેશ્વરે ૨૦૧૪ ઈંચિયોન એશિયન ગેમ્સ અને ૨૦૧૪ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**શૂટિંગ (એર રાઈફલ) : અભિનવ બિન્દ્રા, ગગન નારંગ**

બિદ્રાએ ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ, ૨૦૦૮ ઓલિમ્પિકમાં ગોલ્ડ, ૨૦૧૪ એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ જીત્યો. નારંગે ૨૦૦૮માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**શૂટિંગ (એર રાઈફલ) અપૂર્વી ચંદેલા**

૨૦૧૬ સ્વિડિશ ગ્રાન્ડ પ્રિક્સમાં ગોલ્ડ મેડલ જીતવાની સાથે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો અને ૨૦૧૫ વર્લ્ડ કપમાં સિલ્વર મેડલ. જ્યારે ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ જીત્યો હતો.

**જિમ્નાસ્ટિક : દીપા કરમાકર**

૨૦૧૪ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૫૨ વર્ષ બાદ જિમ્નાસ્ટિકમાં ભારતની ખેલાડી ભાગ લઈ રહી છે. તેના પાસે સારા દેખાવની આશા છે.

**તીરંદાજી : દીપિકા કુમારી**

વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ત્રણ વખત સિલ્વર મેડલ જીત્યો હતો. જ્યારે ટીમ ઈવેન્ટમાં બોમ્બાયલા અને લક્ષ્મીરાની સાથે સારો તાલમેલ હોવાથી મેડલની આશા છે.

**ડિસ્કસ થ્રો : વિકાસ ગૌડા**

૨૦૧૪ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો, જમૈકા એથ્લેટિક્સ મીટમાં ૬૫.૧૪ મીટર દૂર થ્રો કર્યો હતો. જેને કારણે વિકાસ ગૌડા પાસે મેડલની આશા છે.

**ટેનિસ : સાનિયા, પેસ, બોપન્ના**

સાનિયા મહિલા ડબલ્સની નંબર વન ખેલાડી છે અને તેનું ફોર્મ પણ જોરદાર છે. બોપન્ના સાથે સારો તાલમેલ, પેસ સૌથી અનુભવી ખેલાડી અને ૧૯૯૬ના ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ.

**બોક્સિંગ : શિવ થાપા, વિકાસ કૃષ્ણન**

૫૬ કિગ્રા અને ૭૫ કિગ્રા વજન વર્ગમાં પ્રતિનિધિત્વ કરશે. વિકાસ ૨૦૧૪ એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે શિવ થાપાની આક્રમક શૈલી મેડલ અપાવે તેવી આશા છે.

- **સિંગાપુરના જોસેફ સ્કૂલિંગે ફેલ્પ્સને પછાડ્યો**

સિંગાપુરના જોસેફ સ્કૂલિંગે ૧૦૦ મીટર બટરફ્લાય સ્વિમિંગમાં પોતાના દેશ માટે અત્યાર સુધીનો પ્રથમ ગોલ્ડ મેડલ જીતવાની સાથે જ ફેલ્પ્સનું સપનું પણ વિખેરી નાખ્યું છે. જોસેફે ૧૦૦ મીટર બટરફ્લાયમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. જ્યારે સહેજમાં પાછળ રહેનારા માઈકલ ફ્લેપ્સને સિલ્વર મેડલથી સંતોષ કરવો પડ્યો હતો.

- **અમેરિકાની ર્‌હોડ છ ઓલિમ્પિકમાં છ મેડલ જીતનારી પ્રથમ મહિલા**

અમેરિકાની શૂટર કિમ ર્‌હોડે રિયો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે પરંતુ તેણે આ સાથે એક અનોખી સિદ્ધિ નોંધાવી છે. ર્‌હોડે આ ઓલિમ્પિક સાથે કુલ છ ઓલિમ્પિકમાં મેડલ મેળવ્યા છે જે કોઈપણ ઓલિમ્પિકમાં સતત મેડલ મેળવવાનો રેકોર્ડ છે. ર્‌હોડ આ રેકોર્ડ કરનારી દુનિયાની પ્રથમ મહિલા બની છે. સિદ્ધિની અગાઉથી જ જાણ હોવાથી તેના નામથી જાહેરાત સાથે જ કિમ રડી પડી હતી. ૩૭ વર્ષની કિમ એક બાળકની માતા પણ છે. સમર ઓલિમ્પિકમાં તેણે એથેન્સથી લઈ અત્યાર સુધી અમેરિકાની ઝોળીમાં દરેક ઓલિમ્પિકમાં એક મેડલ તો નાખ્યો જ છે. તેણે ૧૯૯૬માં પ્રથમ વખત એથેન્સ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતયો હતો.

- **રેકોર્ડ સાથે લલિતા બાબર સ્ટીપલચેઝની ફાઇનલમાં**

લોંગ ડિસ્ટન્સની રનર લલિતા બાબરે રિયો ઓલિમ્પિકમાં મહિલાઓની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝમાં શનિવારે રાષ્ટ્રીય રેકોર્ડ બનાવી ફાઈનલમાં ક્વૉલિફાઈ કરવાની સાથે એથ્લેટિક્સમાં નવો ઈતિહાસ રચ્યો છે. ઇંચિયોન એશિયન રમતોમાં કાંસ્ય ચંદ્રક જીતનારી લલિતા ટેક સ્પર્ધામાં પીટી ઉષા બાદ ફાઈનલમાં પ્રવેશનારી તે પ્રથમ ભારતીય એથ્લીટ બની ગઈ છે.

- **એન્ડી મરેએ પુરુષ સિંગલ્સમાં સતત બીજી વખત ગોલ્ડ જીત્યો**

બ્રિટિશ ટેનિસ સ્ટાર એન્ડી મરેએ પુરુષ સિંગલ્સની ફાઈનલમાં આર્જેન્ટિનાના જુઆન માર્ટિન ડેલ પોટ્રોને હરાવી ઓલિમ્પિકમાં પુરુષ સિંગલ્સનો ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચી દીધો છે. મરેએ ડેલ પોટ્રોને ચાર કલાકથી વધુ સમય સુધી ચાલેલા મુકાબલામાં ૭-૫, ૪-૬, ૬-૪, ૭-૫થી પરાજય આપ્યો હતો. એન્ડી મરે ઓલિમ્પિકમાં પુરુષ સિંગલ્સમાં બે ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. મરેએ ૨૦૧૨ લંડન ઓલિમ્પિકમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

- **રમતના મહાકુંભ રિયો ઓલિમ્પિકનું સમાપન**

બ્રાઝિલના સૌથી મોટા શહેર રિયો ડી જાનેરોમાં પાંચ ઓગસ્ટથી શરૂ થયેલા ૩૧મા ઓલિમ્પિકનું સમાપન થઈ ગયું છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટિ (આઈ.ઓસી)ના અધ્યક્ષ થોમસ બાકેએ સ્થાનિક સમય રાત્રે ૧૦.૩૦ કલાકે (ભારતીય સમય મુજબ સોમવારે સવારે ૭ કલાકે) મારાકાના સ્ટેડિયમમાં ટોકિયોમાં ૨૦૨૦માં મળવાના વાયદા સાથે આ રમતોનું સમાપન કર્યું હતું.

**અમેરિકાનો દબદબો**

અમેરિકાએ ૪૫ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૨૦ મેડલ જીતી ટોચનું સ્થાન મેળવ્યું હતું. જ્યારે બ્રિટને ૨૭ ગોલ્ડ મેડલ મળી કુલ ૬૬ મેડલ સાથે બીજું સ્થાન મેળવ્યું હતું. ચીને ૨૬ ગોલ્ડ મળી કુલ ૭૦ મેડલ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. અમેરિકા એક માત્ર દેશ હતો જેણે ૧૦૦ કરતાં વધુ મેડલ જીત્યા હતા.

**રેકોર્ડ**

૨૦૫ દેશોએ ઓલિમ્પિકમાં ભાગ લીધો. કોસોવો અને સાઉથ સુકાન પ્રથમ વખત ઓલિમ્પિકમાં જોડાયા. રેફયુજી ટીમ અને સ્વતંત્ર એથ્લેટ્સે પણ ભાગ લીધો.

**૨૩ ગોલ્ડ મેડલ અમેરિકાના**

સ્વિમર માઈકલ ફેલ્પ્સે પોતાની કારકિર્દીમાં જીત્યા અને ઓલિમ્પિકના ઈતિહાસમાં સૌથી વધુ ગોલ્ડ જીતનાર એથ્લીટ બન્યો.

ASTHA ACADEMY Mo.: 8866...

૪૮૭ યુવા એથ્લીટ્સે રિયો ઓલિમ્પિકમાં ભાગ લીધો.

૬૦ મેડલ જીત્યા જેમાં (૧૪ ગોલ્ડ)

૩,૫૦,૦૦૦ કલાક લોકોએ ઓલિમ્પિક નિહાળી

૯૦ ટકા બ્રાઝિલનાં લોકોએ રિયો ઓલિમ્પિકની કેટલીક ઈવેન્ટને ટેલિવિઝન પર નિહાળી હતી.

૧૧,૩૦૩ એથ્લીટ્સે ભાગ લીધો જેમાં ૪૫ ટકા કરતાં વધુ મહિલા એથ્લીટ સામેલ થઈ હતી.

હુસેન બોલ્ટે ટ્રિપલ - ટ્રિપલની સિદ્ધિ મેળવી ૧૦૦ મીટર, ૨૦૦ મીટર ૪ બાય ૧૦ મીટર રીલેમાં આ ત્રણેયમાં સતત ત્રણ ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યા હતા.

૬૫ ઓલિમ્પિક રેકોર્ડ નોંધાયા છે.

૧૯ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા

૧૨૧ મેડલ અમેરિકાએ આ વખતે જીત્યા.

૫૦૦૦થી વધુ ડોપિંગ ટેસ્ટના નમૂના લેવાયા હતા જે ઓલિમ્પિકના ઈતિહાસમાં સૌથી વધુ છે.

- **ઈ.સ. ૧૮૯૬માં મોડર્ન ઓલિમ્પિક્સની શરૂઆત પેરી દ્ કૂબાર્તેને કરી હતી**

બ્રાઝિલમાં રિયો ઓલિમ્પિક્સનો પ્રારંભ થયો છે. દર ચાર વર્ષે યોજાતા ખેલ મહાકુંભની શરૂઆત ફ્રાંસના પેરી દ કૂબ્રાતિને ઈ.સ. ૧૮૯૬માં કરી હતી. ગ્રીસમાં રમાયેલા પહેલા ઓલિમ્પિક્સમાં ૧૫ દેશોના ૨૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૧ જાન્યુઆરી ૧૮૬૩માં રોજ ઉમરાવ પરીવારમાં જન્મેલા કૂબાર્તિની રાજકિય કુનેહના કારણે મોર્ડન ઓલિમ્પિક્સ શરૂ થઈ શક્યો હતા. કૂબાર્તિનને એક એજ્યુકેશન ફિલ્ડના માણસ તરીકે સ્કૂલમાં શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સની પ્રવૃત્તિમાં ખૂબ જ રસ પડતો હતો. કૂબાર્તિને પ્રાચીન ઈતિહાસમાં વાચ્યું કે સદીઓ પહેલા ગ્રીસના એથેન્સમાં વિવિધ પ્રકારની સ્પોર્ટ્સની હરિફાઈઓ યોજાતી હતી. આ એક એવી પરંપરા હતી જેના કારણે બે રાજ્યો વચ્ચેના યુદ્ધ પણ અટકી જતા હતા. આથી આ પ્રાચીન પરંપરાને જીવંત કરવા તેમણે ગ્રીસ સરકારનો સંપર્ક કર્યો હતો. કારણ કે તેમની ઈચ્છા પ્રાચીન જમાનામાં જ્યાં રમત સ્પર્ધા યોજાતી ત્યાંથી જ આધુનિક ઓલિમ્પિક્સની શરૂઆત કરવાની હતી. તેમના આ પ્રયત્નોમાં વિલિયમ પેની બ્રુક્સ નામની વ્યક્તિએ પણ મોટો ફાળો આપ્યો હતો. બ્રુક્સ ઈ.સ. ૧૮૬૬માં લંડનના ક્રિસ્ટલ પેલેસમાં નેશનલ ઓલિમ્પિક્સનું આયોજન કરવાનો પણ અનુભવ ધરાવતા હતા. કૂબાર્તિનને ઈ.સ. ૧૮૯૪માં પહેલી વાર ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે ગ્રીસના સાહિત્ય અને ઈતિહાસ રસિક દમેસ્ટ્રીઅસ વિકેલાસ આ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ સંગઠનના પ્રેસિડેન્ટ બનાવ્યા હતા.

કૂબાર્તિને ખુદ પણ ૧૯૨૨ થી ૧૯૩૭ સુધી આઈઓસીના માનદ્ પ્રેસિડેન્ટ રહ્યા હતા. કૂબાર્તિનને સ્પોર્ટ્સ, સારીરિક શિક્ષણ તથા ઈતિહાસને લગતા અનેક પુસ્તકો પણ પ્રગટ કર્યા હતા. ઈ.સ. ૧૯૧૨માં સ્ટોકહોમ ખાતે રમાયેલા ઓલિમ્પિક્સમાં તેમને સાહિત્યનો ગોલ્ડ મેડલ પણ આપવામાં આવ્યો હતો. જોકે આર્ટ કોમ્પિટીશને ઓલિમ્પિક્સનો ભાગ ગણવામાં આવી ન હતી. ૨ સપ્ટેમ્બર ૧૯૩૭ના રોજ કુબાર્તિનનું જિનિવા ખાતે અવસાન થયું હતું.

ASTHA Academy Mo.: 89806...

# નિમણૂક / રાજીનામુ

- **૪ રાજ્યોનાં રાજ્યપાલ નિમાયા**

કેન્દ્ર સરકારે બુધવારના રોજ ત્રણ રાજ્યોમાં રાજ્યપાલશ્રીની નિમણૂક કરી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી નજમા હેપતુલ્લાને મણિપુરનાં રાજ્યપાલ બનાવાયા છે. રાજસ્થાનના ભાજપ નેતા વી. પી. સિંહ બદનૌરની પંજાબના અને પૂર્વ સાંસદ બનવારીલાલ પુરોહિતની આસામના રાજ્યપાલ તરીકે નિમણૂક કરાઈ છે. આ ઉપરાંત દિલ્હીના પૂર્વ મંત્રી જગદીશ મુખીને કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન નિકોબાર ટાપુ સમૂહના ઉપરાજ્યપાલ બનાવાયા છે.

- **પુષ્પ કમલ પ્રચંડ ત્રીજીવાર નેપાળના વડાપ્રધાન બન્યા**

કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ - માઓવાદીના ચેરમેન પુષ્પ કમલ દહલ ઉર્ફે પ્રચંડ બીજીવાર નેપાળના નવા પડાપ્રધાન બની ગયા છે. મોદીએ તેમને નવી ભૂમિકા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

- **અમૂલના આર. એસ. સોઢીની પોસ્ટ પેમેન્ટ બેન્કનાં સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક**

જી.સી.એમ.એમ.એફ. (અમૂલ)માં મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવી રહેલા આર. એસ. સોઢીની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ્સ બેન્કના સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ભારતીય પોસ્ટનું દેશભરમાં ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસ સાથેનું મજબૂત નેટવર્ક છે અને ટૂંક સમયમાં તે ભારતમાં ફાનાન્સિયલ ઈન્કલૂઝન માટેનું મોટું માધ્યમ બનશે.

- **નીતા અંબાણી આઈ.ઓ.સી.ના પ્રથમ ભારતીય મહિલા સભ્ય બન્યા**

ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિએ ગુરુવારે જાહેરાત કરી હતી કે રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ નિતા અંબાણીની આઈઓસીના વ્યક્તિગત સભ્યપદે પસંદગી કરવામાં આવી છે. રિયો ખાતે ૩૧મી ઓલિમ્પિક ગેમની શરૂઆત થાય તેના આગલા દિવસે જ આઈઓસીની મળેલી ૧૨૯મી બેઠકમાં નિતાને આઈઓસીનું સભ્યપદ આપવા નિર્ણય લેવામાં આવ્યો હતો. ૫૨ વર્ષના નિતા આઈઓસીમાં સભ્યપદે સ્થાન પામેલા એકમાત્ર ભારતીય સભ્ય છે અને ૭૦ વર્ષની ઉંમર સુધી તેમાં સેવા આપશે.

## ત્રિરંગા પહેલાં પણ દેશના પાંચ ઝંડા હતા

આપણો રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગો ૨૨મી જુલાઈ ૧૯૪૭ના રોજ બંધારણ સભાની બેઠક દરમિયાન અપનાવ્યો હતો. તેને ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ અને ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ વચ્ચે ભારતના રાષ્ટ્રીય ધ્વજ તરીકે અપનાવાયો અને બાદમાં તેને જ ગણતંત્રે પણ અપનાવ્યો હતો. આપણા રાષ્ટ્રીય ધ્વજના ત્રિરંગા સુધી પહોંચવાની સફર પણ અત્યંત રોમાંચક છે. દેશનો રાષ્ટ્રીય ધ્વજ સ્વતંત્રતાના રાષ્ટ્રીય સંગ્રામ દરમિયાન શોધવામાં આવ્યો હતો પરંતુ આજના આ રૂપમાં પહોંચવા માટે તેમાં ઘણાં પરિવર્તન કરવામાં આવ્યાં હતાં.

૧૯૦૬માં ભારતનો બિનસત્તાવાર ધ્વજ

સાતમી ઓગસ્ટ ૧૯૦૬ના રોજ પારસી બાગાન ચોક (ગ્રીનપાર્ક) કલકત્તામાં ફરકાવવામાં આવ્યો હતો જેને હવે કોલકાતા કહેવામાં આવે છે. આ ધ્વજને લાલ, પીળા અને લીલા રંગની ક્ષૈતિજ પટ્ટીઓથી બનાવાયો હતો. ૧૯૦૭માં પેરિસમાં મેડમ કામા અને ૧૯૦૭માં તેમની સાથે ચૂંટાયેલા કેટલાક ક્રાંતિકારી દ્વારા ફરકાવાયો હતો.

આ ધ્વજને ૧૯૧૭માં ઘરેલુ શાસન આંદોલન દરમિયાન અપનાવાયો હતો

ડૉ. એની બેસન્ટ અને લોકમાન્ય તિલકે ઘરેલું શાસન આંદોલન દરમિયાન ફરકાવ્યો હતો. આ ધ્વજમાં પાંચ લાલ અને ચાર લીલા કલરની પટ્ટીઓ હતી. જેમાં ડાબી તરફ ઉપરના ભાગે યુનિયન જેક હતું.

આ ધ્વજને ૧૯૨૧માં બિનસત્તાવાર રીતે અપનાવાયો હતો

અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીનાં સત્ર દરમિયાન જે ૧૯૨૧માં બેજવાડા (હવે વિજયવાડા)માં કરાયો હતો. અહીં આંધ્ર પ્રદેશના એક યુવકે એક ઝંડો બનાવ્યો હતો અને ગાંધીજીને આપ્યો હતો. લાલ અને લીલા રંગનો આ ધ્વજ હિંદુ અને મુસ્લિમ સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે.

આ ધ્વજને ૧૯૩૧માં અપનાવાયો હતો

આ ધ્વજ ભારતીય રાષ્ટ્રીય સેનાનું સંગ્રામચિહ્ન પણ હતું. ત્રિરંગા ધ્વજને આપણા રાષ્ટ્રીય ધ્વજના રૂપમાં અપનાવવા માટે એક પ્રસ્તાવ પસાર કરાયો હતો. આમાં એ જ ત્રણ રંગો છે જે આજના સમયમાં ત્રિરંગામાં છે.

# આઝાદી પછી અનેક શહેરોનાં નામ બદલાઈ ગયાં

દેશ સ્વતંત્ર થયો તે પછી શહેરો, રસ્તાઓ, ગલીઓ, મકાનો અને રાજ્યોનાં નામ બદલવાનો એક નવો તબક્કો શરૂ થયો છે. આઝાદીના કાળમાં ૧૯૪૭માં મોટાભાગના રસ્તા અને ચાર રસ્તા તેમજ મકાનોનાં નામ અંગ્રેજોનાં નામ પરથી હતાં તેથી પહેલાં આ નામોને બદલવાની શરૂઆત થઈ. શહેરોનાં નામ બદલવાની ક્વાયત ૨૦ વર્ષ પહેલાં ૧૯૯૬થી શરૂ થઈ હતી. આ પછી નામ બદલવાનો સિલસિલો શરૂ થયો હતો. દેશનાં ચાર મહાનગરોમાંથી ત્રણનાં નામ આ ૨૦ વર્ષમાં બદલવામાં આવ્યાં હતાં.

સામાન્ય રીતે નામ બદલવા પાછળ કોઈ નક્કર કારણો નહોતાં પણ ક્યારેક ઈતિહાસ તો ક્યારેક લોકોની ભાવના અને સરળતાને ધ્યાનમાં લઈને તો ક્યારેક રાજકીય લાભ ખાટવા માટે નામ બદલવામાં આવતાં હતાં. દેશનાં તમામ શહેરોમાં એવી અનેક સડકો હશે કે જેનાં નામ અંગ્રેજોનાં નામ પરથી હશે અને પાછળથી તેને બદલવામાં આવ્યાં હશે. દિલ્હીના અનેક રસ્તાનાં નામ બદલવામાં આવ્યાં છે. તેવી જ રીતે મુંબઈનાં છત્રપતિ શિવાજી ટર્મિનલ (સીએસટી)એ બદલેલું નામ છે. પહેલાં તેનું નામ વિક્ટોરિયા ટર્મિનસ (વીટી) હતું.

### પશ્ચિમ બંગાળનું નવું નામ ક્યું ?

પશ્ચિમ બંગાળનું નામ બદલવાની દરખાસ્તને મમતા બેનરજી સરકારે મંજૂરી આપી છે. તેઓ ઘણા સમયથી નામ બદલવાની તરફેણ કરતા આવ્યા છે. પહેલાં તેઓ પશ્ચિમ બંગાળનું નામ 'પશ્ચિમ બંગા' રાખવા માગતાં હતાં પણ હવે તેમની કેબિનેટે જે નામ સૂચવ્યાં છે તેમાં પશ્ચિમ શબ્દ નથી. જે નામ સૂચવવામાં આવ્યાં છે તેમાં બંગાળ, બાંગ્લા અને બાન્ગો નામ સામેલ છે. નામ બદલવા પાછળનું એક કારણ એવું દર્શાવાયું છે કે વેસ્ટ બેન્ગાલ નામ હોવાથી રાજ્યનો નંબર ઘણો પાછળ આવે છે. આ ઉપરાંત રાજ્યનું નામ નાનું અને એક શબ્દનું જ બની જશે.

### બે ડઝનથી વધુ શહેરોનાં નામ બદલાયાં હતાં

૧૯૫૬માં બનારસનું નામ વારાણસી કરાયું હતું. ગુજરાતનાં બડૌદા શહેરનું નામ ૧૯૭૪માં વડોદરા કરાયું હતું. ૧૯૯૧માં ત્રિવેન્દ્રમથી બદલીને તિરૂવનતપુરમ કરવામાં આવ્યું હતું. કોચીનનું નામ ૧૯૯૬માં બદલીને કોચી કરાયું હતું. પોંડિચેરીનું નામ ૨૦૦૬માં પુડુચેરી કરાયું હતું. ગોવાની રાજધાનીનું જૂનું નામ પણજીમ હતું જે ૧૯૬૦ના દાયકામાં પણજી કરાયું હતું. ૧૯૭૭ સુધી મહારાષ્ટ્રનાં શહેર પૂણેને પૂના કહેવામાં આવતું હતું. ઓક્ટોબર ૨૦૧૪માં મૈસૂરનું નામ મૈસૂરુ. બેલગામને બેલાગાવી, બેંગ્લોરને બેંગલુરુ. બેલ્લારીને બલ્લારી બીજાપુરને વીજાપુર, ગલબર્ગાને કાલાબુર્ગી, હુબલીને હુબલ્લી, તુમકુરને તુમાકુરુ કરાયું હતું. સિમલાનું નામ બદલીને શિમલા અને નાસિકનું નાશિક કરાયું છે, જેમાં ફક્ત એક અક્ષર જ બદલવામાં આવ્યો છે.

### હાઈકોર્ટનાં નવા નામ

કેન્દ્રીય કેબિનેટ દ્વારા ૫ જુલાઈ ૨૦૧૬ના રોજ કલકત્તા, બમ્બઈ અને મદ્રાસ હાઈકોર્ટના નામ બદલીને કોલકાતા, મુંબઈ અને ચેન્નઈ કરવાનો નિર્ણય લેવાયો હતો. કલકત્તા હાઈકોર્ટના જજીસે આ દરખાસ્તને ફગાવી હતી. તેઓ કહે છે કે ૧૫૦ કરતાં વધુ વર્ષથી હાઈકોર્ટનું નામ કલકત્તા રહ્યું છે. ૧૮૬૨માં સ્થપાયેલી તે દેશની પહેલી હાઈકોર્ટ હતી.

### આવી રીતે બદલાયાં મોટાં શહેરોનાં નામ

૧૯૯૬માં બમ્બઈનું નામ બદલીને મુંબઈ કરવામાં આવ્યું અને તે જ વર્ષે મદ્રાસનું નામ બદલીને ચેન્નઈ કરવામાં આવ્યું હતું. ૨૦૦૧માં કલકત્તાનું નામ બદલીને કોલકાતા કરવામાં આવ્યું હતું. બેંગલોરનું નામ ૨૦૧૪માં કર્ણાટકનાં બીજા ૧૧ શહેરોનાં નામ સાથે બદલી 'બેંગ્લુરુ' કરવામાં આવ્યું હતું. એપ્રિલ ૨૦૧૬માં હરિયાણાનાં આઈટી હબ ગણાતાં ગુડગાંવનું નામ બદલીને રાજ્ય સરકારે ગુરુગ્રામ કર્યું છે.

# વન લાઈનર

- નોવાક જોકોવિચ ચોથી વખત રોજર્સ કપમાં ચેમ્પિયન
- ઝવેરચંદ મેઘાણી પર તેમના પુત્ર પિનાકીનભાઈ દ્વારા ફિલ્મ બનાવાશે
- અમેરિકામાં શીખોના સન્માનમાં 'સિંહ એન્ડ કૌર' પાર્ક બનશે
- ભાવનગરના પાટીદાર જીતુ વાઘાણીની ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે વરણી થઈ
- પાકિસ્તાનના ભૂતપૂર્વ સુકાની હનીફ મોહમ્મદનું નિધન
- શહીદહંગપન દાદાને અશોક ચક્રનું સન્માન

  દાદાએ પાકના ૪ આતંકીને ઠાર માર્યા હતા, રાષ્ટ્રપતિએ ૧૪ શૌર્ય, ૬૩ સૈન્ય સહિત ૮૨ વીરતા પુરસ્કાર મંજૂર કર્યા
- રાજ્યમાં ૭મા પગાર પંચનો ઓગસ્ટથી લાભ, એરિયર્સ તબક્કાવાર

  ૧ જાન્યુઆરી ૨૦૧૬ની અસરથી એરિયર્સ મળશે
- નીટનું રિઝલ્ટ : સમગ્ર દેશમાં નડિયાદનો હેત શાહ પ્રથમ
- ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે રમણલાલ વોરાની સર્વાનુમતે વરણી

  શંભુજી ઠાકોર ગૃહના નવા ઉપાધ્યક્ષ પદે ચૂંટાયા
- કોફી ટેબલ બુક 'ધર્મગુરુ'નું આનંદીબેનના હસ્તે લોકાર્પણ

  કીર્તિયશસૂરિજીએ જૈનધર્મના સિદ્ધાંતોને જીવનમાં ઝીણવટથી જીવી તેનો ઉપદેશ પુસ્તકમાં આપ્યો છે.
- વિશ્વની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાં દીપિકા ૧૦મા નંબરે
- વડોદરા ફૂલોના ઉત્પાદનમાં રાજ્યમાં પ્રથમ

  ફળપાક ઉત્પાદનમાં પણ વડોદરા જિલ્લો રાજ્યમાં બીજો ક્રમ ધરાવે છે.
- આઈઆઈટી ખડગપુર દ્વારા 'પહેલાં અભ્યાસ કરો અને પછી ખર્ચ ચૂકવો' સ્કીમ લોન્ચ થઈ
- નેપાળની ૧૩ વર્ષીય ગૌરિકા રિયોમાં સૌથી યુવા એથ્લીટ
- અમેરિકામાં દુનિયાનું પ્રથમ પિઝા એટીએમ શરૂ
- આસામ બાદ બિહારમાં પણ જીએસટી બિલ પસાર
- પદ્મનાભસ્વામી મંદિરમાંથી ૧૮૬ કરોડનાં વાસણો ચોરાયા
- ૧૮ વર્ષથી નાના ગોવિંદાઓ દહીંહાંડીમાં સામેલ ન થઈ શકે : સુપ્રિમ કોર્ટ
- જીએસટી બંધારણીય સુધારા બિલ હિમાચલ વિધાનસભામાં પસાર
- ૧૦ ઓગસ્ટે વર્લ્ડ લાયન ડે : બે વર્ષમાં ગીરમાં ૧૭૯ સિંહો મોતને ભેટ્યા

  વિશ્વભરમાં ૧૦મી ઓગસ્ટે વર્લ્ડ લાયન ડેની ઉજવણી કરવામાં આવશે.

# નિધન

- મુખ્યમંત્રી પદ ગુમાવ્યાના મહિનામાં જ અરુણાચલ પ્રદેશનાં કાલિખો પુલનું શંકાસ્પદ મૃત્યુ

ASTHA Academy Mo.: 8980096144